Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.

અંક ૪ થો. તા. ૧૪-૧૧-૫૦ કાર્તિક.

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી વીરજિનેશ્વર સ્તવન ... ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૬૧
૨ શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ તીર્થ ... ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૬૨
૩ તત્ત્વાવબોધ... ... ... ...( લે. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૬૮
૪ શ્રી હેમચંદ્રાચાર્યશ્રીજી અદ્વિતીય ઉદારતા... ... ( લે. શ્રી દર્શનવિજયજી મ. ત્રિપુટી ) ૭૦
૫ જેસલમેર પ્રાચીન જ્ઞાનભંડાર અને મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજ ( ઉધ્ધૃત ) ૭૪
૬ ધર્મકૌશલ્ય... ... ... ... ... ... ... ( લે. મૌક્તિક ) ૭૬
૭ ઈચ્છાયોગ શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ
... ... ... ( લે. ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ એમ. બી. બી. એસ. ) ૭૭
૮ સ્વીકાર–સમાલોચના... ... ... ... ... ... ... ( સભા ) ૭૮
૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... ( સભા ) ૮૦
૧૦ લોકૈષણા ( ઉદ્ધૃત ) ... ... ... ... ... ... ... ... ૮૦


## આ માસમાં થયેલ માનવંતા લાઈફ મેમ્બરો.

૧ શેઠ હાથીભાઈ ગલાલચંદ — પેટ્રન સાહેબ
૨ મ્હેતા મંગલદાસ હીરાચંદ — લાઈફ મેમ્બર
૩ શ્રી વાડીલાલ મનસુખરામ લાઈબ્રેરી પુસ્તકાલય — ,,
૪ શાહ ન્યાલચંદ હરખચંદ — ,,
૫ શેઠ મુલચંદભાઈ વાડીલાલ — ,,
૬ શાહ જસવંતલાલ નગીનદાસ — ,,
૭ શ્રી આત્મકમળ, દાન, પ્રેમ, જંબૂસૂરિ ગ્રંથમાલા — લાઈફ મેમ્બર
૮ શેઠ કકલભાઈ કેશવલાલ — ,,
૯ શાહ ખીમજી દેવજી — ,,
૧૦ શાહ ભોગીલાલ જીવરાજ — બીજા વર્ગમાંથી
૧૧ શાહ રતનશી ગુલાબચંદ — ,,
૧૨ પારેખ કપુરચંદ શામજી — વાર્ષિકમાંથી


( કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત )

## શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર મૂળ–

### પ્રથમ ( ભાગ ) પર્વ બુકાકારે.

ઉંચા ટકાઉ લેઝર પેપર ઉપર શ્રી નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઈપમાં છપાયેલ, પાકી કપડાની બાઈડીંગની નકલો ઘણી જ થોડી સિલિકે રહી છે, પછી મળવા સંભવ નથી. સંસ્કૃતના અભ્યાસીઓ મહાશયો અને જૈન જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે ( કિંમત રૂા. ૭ પોસ્ટેજ અલગ. )


## જૈન સસ્તું સાહિત્ય

### ( શ્રી નમસ્કાર મહામંત્ર નિબંધ )

ઉપરોક્ત નિબંધની તપાસણીનું કાર્ય શરૂ છે. તે કાર્ય પૂર્ણ થયા બાદ તેનું પરિણામ આત્માનંદ પ્રકાશ માસિકમાં નામ સહિત જાહેર કરવામાં આવશે, અને અગાઉ આપેલ જાહેર ખબર પ્રમાણે વેતન આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A75

## આ સભાના માનવંતા પેટ્રન.



શેઠ હાથીભાઇ ગલાલચંદ.

કચ્છ–મુદ્રા ( હાલ–મુંબઇ )

શ્રી મહોદય પ્રેસ,–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી હાથીભાઈ ગલાલચંદનું જીવનવૃત્તાંત.

કચ્છ દેશ પ્રાચીન સમયથી સુપ્રસિદ્ધ છે. હજારો વર્ષોનો ઇતિહાસ તેની સાક્ષી પૂરે છે. શ્રી ભદ્રેશ્વરતીર્થની શીતલ છાયામાં આવેલ તે દેશના કચ્છ–મુદ્રામાં તા. ૧૫–૧૦–૧૯૦૦ના રોજ ઓશવાલ જૈન જ્ઞાતિના શેઠશ્રી ગલાલચંદ આશકરણને ત્યાં શેઠશ્રી **હાથીભાઈ**નો જન્મ થયો હતો પૂર્વના પુણ્યયોગે લઘુવયથી જ શેઠશ્રી હાથીભાઇ નિડર, સંસ્કારી, સાહસિક અને બુદ્ધિશાળી હતા. સામાન્ય કેળવણી લઈ માત્ર સત્તર વર્ષની ઉમરે ભાગ્યદેવી મુંબઇ લઈ ગઈ અને પૂર્વના સુકૃતને લઇ ક્રમે ક્રમે મુખ્ય મુખ્ય વ્યાપારીઓનો પ્રેમ સંપાદન કર્યો અને દુનીયાના સર્વ વ્યાપારની માહિતી મેળવતાં–માર્ગદર્શન પ્રાપ્ત થયું અને શેર બજાર, રૂ બજાર, એરંડા, સોના, ચાંદી વગેરે વ્યાપારો હાથ કર્યાં. હજારો અને લાખો રૂપીઆની ઉથલપાથલ કરતાં પૂર્વ પુણ્યે લક્ષ્મીદેવી પ્રસન્ન થઇ. જીવન અને લક્ષ્મીની અસ્થિરતા જાણી અનેક ધાર્મિક કાર્યોમાં લાખો રૂપીઆની સખાવતો કીર્તિદાનની પરવા કર્યા વગર કરવા લાગ્યા અને સાથોસાથ ગુપ્ત દાનો પણ થવા લાગ્યા. દરેક વ્યાપારની (વસ્તુની) લાઇન તેઓશ્રીને ત્યાંથી દોરાવા લાગી. માર્ગદર્શક થવા લાગી.

શેઠ સાહેબના ધર્મપત્ની શ્રી **ચંદનબ્હેન** પણ સુશીલ અને ધર્મપરાયણ છે. શેઠશ્રી હાથીભાઇને ચાર ભાઇઓ, એક પુત્ર, ચાર પુત્રીઓ જે સર્વ માયાળુ, ધર્મનિષ્ઠ તેમજ વિનયી છે. શેઠશ્રી નિરાભિમાનિ, માયાળુ, સરલહૃદયી, ધર્મપ્રેમી અને સમયજ્ઞ છે. આવા પુણ્ય પ્રભાવક જૈન બન્ધુએ આ સભાની પ્રતિષ્ઠા જાણી, પેટ્રનપદ સ્વીકારવાથી તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે, અને સભા તે માટે ગૌરવ લે છે. પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે છે, કે શેઠશ્રી હાથીભાઈ દીર્ઘાયુ થઈ આધ્યાત્મિક, આર્થિક, શારીરિક લક્ષ્મી વિશેષ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ સાધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૭ — કાર્તિક — પુસ્તક ૪૮ મું.

વિક્રમ સં. ૨૦૦૭. :: તા. ૧૪મી નવેમ્બર ૧૯૫૦ :: અંક ૪ થો.


## શ્રી વીરજિનેશ્વર સ્તવન.

( ચાલ-પારેવડા જાજે વીરાના દેશમાં...... )

પૂજના ચરણે શ્રી વીરજિણંદના,
કરું શ્રી ત્રિશલાનંદના.
હો પૂજના ચરણે શ્રી વીરજિણંદના.
પંચામૃતે જિનઅંગ પખાલી,
કરું વિલેપન ચંદના. હો પૂજના૦ ૧
ઉત્તમ જાતિના પુષ્પોની માલા,
રચી ઠવું પ્રભુ કંઠમાં. હો પૂજના૦ ૨
શિરે મુગટ કાને કુંડલ પહેરાવું,
ધૂપ ઉવેખું દશાંગના. હો પૂજના૦ ૩
સ્વસ્તિક રચી જિન આગે હું માગું,
ચાર ગતિની નિકંદના. હો પૂજના૦ ૪
જંબૂ કહે સ્વામી સેવકને તારો,
આપોને સુખ અખંડના. હો પૂજન૦ ૫

મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री भद्रावतीपार्श्वनाथतीर्थ[1]

લેખક : પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ

શ્રી **ભદ્રાવતીપાર્શ્વનાથ**ભગવાનનું અતિ ભવ્ય, રમણીય અને પ્રાચીન તીર્થ **મધ્યપ્રદેશ**ના **ચાંદા** જીલ્લાના **વરોરા** તાલુકામાં વરોરાથી **૧૨** માઇલે અગ્નિકોણમાં અને ચાંદાથી **૧૯** માઈલે વાયવ્યમાં આવેલા **ભાંદક** નામના ( લગભગ **૨૦/૫** ઉત્તર અક્ષાંશ તથા **૭૯/૫** પૂર્વ રેખાંશ ઉપરના ) ગામમાં આવેલું છે. આ વિશાલ તીર્થ તેમાંનું ઉત્તુંગ, આલીશાન અને ભવ્ય જિનાલય તથા તેમાં વિરાજમાન શ્રી પાર્શ્વનાથભગવાનની ચાર ફુટ પહોળી તથા ફણા સુધી પાંચ ફુટ ઊંચી પ્રતિમા એટલાં બધાં આકર્ષક અને મનોહર છે કે પ્રથમદર્શને જ માણસનું મન આનંદથી વ્યાપ્ત અને પુલકિત થઇ જાય છે.

## પુરાતત્ત્વનો ખજાનો

ભાંદક અત્યારે તો લગભગ ૫૦૦ ઘરની વસ્તીવાળું ગામડું જ રહ્યું છે, પણ ભાંદકથી આસપાસ અનેક માઇલો સુધી પથરાયેલા પ્રાચીન અવશેષોને જોતાં એમ સ્પષ્ટ જણાઇ આવે છે કે પ્રાચીન કાળમાં ભાંદક એક મહાન અને સુંદર નગરી હતી. ઉત્તરે **ભાટાળાથી** દક્ષિણે ચાંદા સુધી ૨૮ માઈલ લાંબા તથા ૧૬ માઇલ પૂર્વ-પશ્ચિમ પહોળા પ્રદેશમાં સંખ્યાબંધ પ્રાચીન તળાવો અને બાંધેલા કૂવાઓ તથા ભાંદક આસપાસ મંદિર અને મૂર્તિઓના ભગ્નાવશેષો મોટા પ્રમાણમાં મળી આવે છે. **ભાંદક** ગામની અત્યંત સમીપના પ્રદેશમાં અત્યારે પણ નાનાં મોટાં લગભગ ૩૦ તળાવો વિદ્યમાન છે. ચિંતામણિ તલાવ, સૂર્યકુંડ, ચંદ્રકુંડ, એવાં મનોહર નામો પણ આ નગરીના લોકોની ઉચ્ચ ગૌરવશાલી ભાષાનો તેમ જ તેમની સંસ્કૃતિનો પરિચય કરાવે છે. અહીં પ્રાપ્ત થતી મૂર્તિઓમાં જૈન, બૌદ્ધ અને વૈદિક એમ ત્રણે પ્રકારની મૂર્તિઓ મુખ્યત્વે કરીને છે. વૈદિક મૂર્તિઓમાં ખાસ કરીને ગણપતિની અને મહાદેવ-પાર્વતીની મૂર્તિઓ જ મોટા પ્રમાણમાં છે. વિશાળ સંખ્યામાં અહીં મળી આવેલી જૈન, બૌદ્ધ તથા વૈદિક મૂર્તિઓ જોતાં આ નગરી ત્રણે સંસ્કૃતિઓનું કેન્દ્ર હતી એમ સ્પષ્ટ જણાઇ આવે છે. જેમણે નજરે જોયું છે તેવા લોકો કહે છે કે-આજથી ત્રીસેક વર્ષ પૂર્વે આ બધી મૂર્તિઓને વેગનોમાં ભરીને સરકારી પુરાતત્ત્વ ખાતા તરફથી લઇ જવામાં આવી છે અને તે નાગપુર વિગેરે સંગ્રહસ્થાનમાં રાખવામાં આવી છે આજે પણ કેટલીક વાર ખોદતાં તથા ખેતર ખેડતાં મૂર્તિઓ મળી આવે છે.

ત્રણે સંસ્કૃતિઓના ત્રિવેણીસંગમ સમાન આ નગરીનો ઈતિહાસ અંધારામાં જ છે એમ કહીએ તો ચાલે. આ નગરીમાં ક્યારે ક્યારે કયા કયા રાજ્યકર્તાઓ થઇ ગયા, તેમ જ આ નગરીનો વિનાશ ક્યારે થયો વિગેરે નિશ્ચિત કોઇ હકીકત મળી શકતી નથી. અત્યારે તો આ નગરીને સ્થાને ખંડિયેર અને આસપાસ મોટું ભયંકર જંગલ થઇ ગયાં છે, ખાસ

---

૧. ' શ્રી અંતરિક્ષપાર્શ્વનાથજી તીર્થ ' આ લેખમાળા ચાલુ જ છે, એ ચાલુ લેખમાળામાં વચમાં આ લેખ દાખલ કરવામાં આવ્યો છે, એ વાચકોએ લક્ષ્યમાં રાખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ (ભાંદક) તીર્થની પેઢી તરફથી
શ્રી સંઘને દર્શનાર્થે ભેટ.



**દેવાધિદેવ શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ ભગવાન.**

મુ. ભાંદક (જીલ્લા–ચાંદા, મધ્યપ્રદેશ)


પ્રભુનાં પ્રતિમાજીની ફણા સહિત ઊંચાઈ ૬૦, ઈંચ
,, ,, મસ્તક સુધી ઊંચાઈ ૫૦, ઈંચ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આકોલા (વરાડ) નિવાસી શા. અમરચંદજી શ્રીમાલના સુપુત્ર શા. રાજમલજી તથા પૌત્ર
રિખવચંદજી અને પારસમલજી તરફથી શ્રી સંઘને દર્શનાર્થે ભેટ



**શ્રી ભદ્રાવતી પાર્શ્વનાથ જિનાલય** (મુ. ભાંદક, મધ્ય પ્રદેશ)
(સાથેના ફોટામાંનાં પ્રતિમાજી આ જિનાલયમાં મૂલનાયક તરીકે બિરાજે છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને પૂર્વ દિશા તરફ જંગલ મોટા પ્રમાણમાં છે. આ ગામથી પશ્ચિમદિશામાં ૬ માઇલ દૂર ઇતિહાસપ્રસિદ્ધ **વરદા**[1] (વર્ધા) નદી વહે છે. આ નગરીનો વિનાશ કયારે થયો ? એ કંઇ ચોક્કસ કહી શકાતું નથી, પણ આપણા મંદિરની પાછળ એક ચંડિકાનું મંદિર ઊભું છે, તેમાં એક થાંભલા ઉપર વિક્રમ સંવત ૧૧૩૩ નો એક શિલાલેખ છે, તેમ જ ભાંદક સ્ટેશનથી ગામ તરફ આવતાં વચમાં એક ભદ્રનાગનું મંદિર છે તેમાં એક ખંડિત શિલાલેખ શકે ૧૩૦૧ અથવા ૧૩૬૮ ની સાલનો છે. સ્ટેશનથી આવતાં એક તળાવ પાસે ટેકરા ઉપર મંદિર છે તેમાં સંવત ૧૧૬૯ નો એક શિલાલેખ છે. એ જોતાં તે તે વર્ષો સુધી આ નગરી નગરીરૂપે વિદ્યમાન હતી એમ જરૂર લાગે છે. ત્યાર પછી ગમે ત્યારે નાશ પામી હશે.

## તીર્થની પ્રસિદ્ધિ

કાળબળના વિકરાળ ઝપાટા અને સપાટા વાગવા છતાં અખંડિતરૂપે રહેલી અને ભાવિ પુનરુદ્ધારનો રાહ જોતી શ્રી પાર્શ્વનાથભગવાનની અંધકારમાં દીપક સરખી એક પ્રભાવી પ્રતિમા આમાં વિદ્યમાન હતી. અત્યારે જે જિનાલય છે તે જ સ્થળે એક નાના જીર્ણશીર્ણ થઇ ગયેલા અને જંગલની ઝાડીમાં ઉભેલા મંદિરમાં ધૂળ-કચરાથી અર્ધી દટાયેલી અવસ્થામાં આ પ્રતિમા હતી. નજીકના જ ગામના ગામડિયા લોકો શ્રદ્ધાથી આના ઉપર સિંદૂર ચડાવતા હતા. અને કેસરિયા બાબાના નામથી ઓળખતા હતા. ચાંદામાં આ વખતે એક ક્રિશ્ચિયન મીશનરી કામ કરતી હતી. તેમાંનો એક યુરોપિયન પાદરી આ બાજુ આવી ચડેલો. તેના જોવામાં આ પ્રતિમા આવી. તેણે સરકારી પુરાતત્ત્વખાતાને ખબર આપી. પુરાતત્ત્વખાતાએ તરત જ આ સ્થાનનો કબજો લઇને તેમ જ સાફસુફી કરાવીને મૂર્તિને યોગ્ય સ્થાને બેસાડી અને એક ચોતરો બાંધી ચારે બાજુ લોઢાના તારની વાડ કરી દઇને 'રક્ષિત સ્મારક' (Protected monument) તરીકે આની જાહેરાત કરી.

લગભગ આ અરસામાં વિક્રમ સંવત ૧૯૬૬ ના મહાસુદ ૫ ના સોમવારની રાતે શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ**જીતીર્થની પેઢીના મુનીમ શા. ચતુરભુજ પુંજાસાને એક સ્વપ્ન આવ્યું કે તે ભાંદક પાસે જંગલમાં ફરી રહ્યા છે અને તેમની પાછળ ૧૦ હાથ લાંબો નાગ દોડી રહ્યો છે. ચતુર્ભુજ આગળ દોડે અને નાગ પાછળ દોડે. છેવટે ચતુર્ભુજે થાકીને નાગને વિનંતિ કરી કે 'તમે શા માટે મારી પાછળ પડ્યા છો?' ત્યારે સાપે મનુષ્યવાણીથી કહ્યું કે 'હું તને એક ચમત્કાર બતાવું. તું પાંચસો રૂપીઆ ખર્ચ કર.' ત્યારે ચતુર્ભુજે કહ્યું કે 'હું તો ગરીબ માણસ છું, પાંચસો રૂપીઆ ક્યાંથી લાવું ?' સાપે પૂછ્યું કે 'એટલા પણ તારી પાસે રૂપીઆ નથી ?' ચતુર્ભુજે કહ્યું કે 'ના, સાચું કહું છું, મારી પાસે કંઇ નથી.' ત્યારે નાગરાજે કહ્યું કે, 'ઠીક, ત્યારે તું પાછળ જો.' ચતુર્ભુજે બીતાં બીતાં પાછળ જોયું તો જંગલ નહીં, પણ ત્યાં તો નગર જ હતું. અને તેમના સામે જ એક મંદિરમાં પદ્મિસાલિ-

૧. આ **વરદા** નદીના કાંઠા ઉપર જ દમયંતી અને રૂક્મિણીનું પિયર ઇતિહાસપ્રસિદ્ધ કુંડિનપુર નગર આવેલું છે. આ સંબંધી વિશેષ જાણવા માટે '**કુંડિનપુર**' એ શીર્ષક નીચેનો જૈનસત્યપ્રકાશ માસિકના ૧૫-૫-૫૦ ના અંકમાંનો મારો લેખ જુઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખી પાર્શ્વનાથભગવાનની, પીળા રંગની વિશાળકાય પ્રતિમા બિરાજમાન હતી. નાગરાજે ચતુર્ભુજભાઈને કહ્યું કે 'જો, ભદ્રાવતી નગરીમાં કેસરિયા પાર્શ્વનાથનું આ તીર્થ છે. ઘણા સમયથી આનો વિચ્છેદ થયો છે. તેના પુનરુદ્ધાર માટે તું પ્રયત્ન કર.'

સ્વપ્ન સમાપ્ત થયું અને તેમણે ભાંદક ગામના સ્થાનની તપાસ કરવા માંડી. છેવટે ખબર પડી અને મહા સુદ નવમીના દિવસે જ ભાંદક આવ્યા. ગામના લોકો પાસેથી સાંભળ્યું કે-આ સ્થાન પ્રાચીન ભદ્રાવતી છે. પ્રતિમાજીની શોધ કરતાં કરતાં છેવટે સાંજના ચાર વાગ્યા. આસપાસ સ્વપ્નમાં જોઇ હતી તેવી પ્રતિમા ગામની પાસે જ ગીચ ઝાડીની અંદર જોવામાં આવી કે જેને સરકારે 'રક્ષિત સ્મારક' તરીકે જાહેર કરી હતી. તેમણે પાસેના ચાંદા શહેરમાં વસતા જૈનોને ખબર આપી. બધા આવીને જોઇ ગયા. ચાંદામાંના તથા આસ-પાસના વર્ધા, હિંગનઘાટ, વરોરા વિગેરે સ્થાનોમાં વસતા શ્વેતાંબર જૈનોએ તરત એકત્રિત થઈને સરકાર પાસેથી કબજો મેળવવા માટે પ્રયત્ન શરૂ કર્યો. સંઘના સદ્ભાગ્યે આ પ્રતિમાજી અને ૧૦।। એકર જમીન સરકાર તરફથી કેટલાક કરારો સાથે શ્વેતાંબર જૈનસંઘને અર્પણ કરવામાં આવ્યાં. ઇસ્વીસન ૧૯૧૨ માં સરકારે પટ્ટો કરી આપ્યો. ત્યાર પછી તો સુંદર ધર્મશાળા તથા ભવ્ય જિનાલય બાંધવામાં આવ્યાં. અને ઘણી ધામધુમપૂર્વક વિક્રમ સંવત ૧૯૭૯ ના ફાગણસુદિ ૩ ને દિવસે પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ તીર્થની પ્રસિદ્ધિ તેમજ ઉન્નતિ માટે વર્ધાનિવાસી શ્રી હીરાલાલજી ફત્તેપુરીયાએ અસીમ પરિશ્રમ ઉઠાવ્યો છે.

તે વખતના કમિશ્નર સર ફ્રેન્કસ્લાયને આ પ્રતિમાજી ઉપર ઘણી શ્રદ્ધા હતી. જ્યારે તે મધ્યપ્રાંતના ગવર્નર બન્યા અને અહીં દર્શન કરવા આવ્યા હતા ત્યારે ૧૦૦૦ રૂપીઆની સરકાર તરફથી મંદિરને ભેટ કરી હતી. ૧૪૨ એકર જેટલી જમીન પણ સરકારે મંદિરને ભેટ તરીકે આપી દીધી છે. ત્યારપછી અનુક્રમે આ તીર્થ ઘણી ઊંચી સ્થિતિએ પહોંચી ગયું છે. જ્યાં કેવળ ભયંકર જંગલ હતું અને રાતે વાઘ વિગેરે શિકારી પ્રાણીઓ આવતાં હતાં ત્યાં આજે નંદનવન બની ગયું છે.

સ્ટેશનથી ગામ લગભગ ૧ માઇલ દૂર છે. ઠેઠ સુધી બાંધેલી સડક છે. મંદિર ગામના એક છેડા ઉપર આવેલું છે. મંદિરના કંપાઉંડમાં પ્રવેશ કરતાં પહેલાં ઔષધાલય આવે છે, પછી એક મોટો અને સુંદર દરવાજો આવે છે. અંદર બંને પડખે લાંબી ધર્મશાળાઓ છે. સામે મંદિર છે. વચલા વિશાળ ચોગાનમાં બંને બાજુ સુંદર મોટા બગીચા છે. વચ્ચે મંદિરમાં જવાનો રસ્તો છે. દરવાજામાં પ્રવેશ કરતાં જ જમણા હાથે ગુરુમંદિર તથા ડાબા હાથે નાગપુરના શ્રી હીરાલાલજી કેશરીમલજી ઝવેરીએ નવું બંધાવેલું આદીશ્વરભગવાનનું એક નાનું પણ સુંદર જિનાલય છે. મુખ્ય શ્રી પાર્શ્વનાથભગવાનના જિનાલયમાં ગભારાના ત્રણ મુખ્ય વિભાગો છે. વચલા વિભાગમાં પાર્શ્વનાથભગવાનની પ્રતિમા બિરાજે છે. પ્રતિમા ઘણી પ્રાચીન હોવાને લીધે તેના ઉપર કાળો લેપ કરાવવામાં આવ્યો છે. પ્રતિમાજીની કાંતિ અને શોભા ઘણી જ અદ્ભુત છે. ભગવાનના જન્મકલ્યાણક પોષ વદ દશમ (ગુજરાતી માગશર વદ દશમ)ને દિવસે અહીં ઘણા મોટા પ્રમાણમાં મેળો ભરાય છે. મંદિરનું ખોદકામ ચાલતું હતું ત્યારે એક જ પત્થરમાં કોતરેલી એક ચૌમુખજીની પ્રતિમા મળી આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રતિમા તથા શ્રી પાર્શ્વનાથભગવાનની પ્રતિમા કેટલી જૂની છે એ કંઇ કહી શકાતું નથી, પણ ઘણી જુની હોવી જોઇએ એટલું નક્કી છે. ચૌમુખજીની પ્રતિમાની મંદિરના ઉપર શિખરના ગભારામાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે. તેના ઉપર કેસરીયા રંગનો લેપ કરવામાં આવ્યો છે. આ ચોમુખજીમાં બે બાજુ પાર્શ્વનાથ ભગવાન છે, એક બાજુ ચંદ્રપ્રભસ્વામી છે તથા એક બાજુ ઋષભદેવ ભગવાન છે.

આ સિવાય પાછળથી ખોદકામ કરતાં શ્રી ઋષભદેવભગવાનની એક ૧૯ ઇંચ ઊંચી એમ બે પ્રતિમાઓ મળી આવી હતી. આ બંને નીચે એક ઓરડીમાં રાખેલી છે. તેમાં મોટી પ્રતિમાની વિશિષ્ટતા એ છે કે દીક્ષાસમયે શ્રી આદીશ્વર ભગવાને ચતુર્મુષ્ટિ લોચ કર્યા પછી ઇંદ્રની વિનંતિથી બાકીના ગરદન ઉપર રહેલા વાળનો લોચ કર્યો ન હતો. મોટી પ્રતિમામાં બંને બાજુ વાળની આ લટા બતાવેલી છે. મોટી પ્રતિમા ઘણી જ સુંદર છે અને પ્રતિષ્ઠા કરવા લાયક છે.

મુખ્યમંદિરમાં શ્રી પાર્શ્વનાથભગવાનનાં પ્રતિમાજીની આસપાસ બીજાં લગભગ ૨૦ પ્રતિમાજી છે. અને તે પ્રતિષ્ઠા સમયે, બુરાનપુર વગેરે બહારગામથી લાવીને પ્રતિષ્ઠિત કરેલાં છે. તેના ઉપરના લેખો જોતાં તે પ્રતિમાજીની મૂલ પ્રતિષ્ઠા વિક્રમની ૧૬ મી સદીમાં શ્રી વિજયસેનસૂરિજી, જયચંદ્રસૂરિજી, જિનેંદ્રસૂરિજી વિગેરેના હાથે થયેલી છે.

શ્રી જૈનશ્વેતાંબર સંઘ તરફથી એક પેઢી સ્થાપવામાં આવેલી છે. ચાંદા, હિંગનઘાટ, નાગપુર, વર્ધા, વરોરા વિગેરે આસપાસના ગામોના જૈનગૃહસ્થો તેનું સંચાલન કરે છે. યાત્રાળુઓની અનુકૂળતા માટે પેઢી તરફથી ભોજનશાળા પણ ચાલે છે. તેમ જ સ્ટેશન ઉપર દરેક ટાઇમે યાત્રાળુઓને લેવા તથા પહોંચાડવા માટે પેઢી તરફથી બેલગાડીની પણ હમેશાંને માટે વ્યવસ્થા કરવામાં આવેલી છે, તેથી યાત્રાળુઓને ઘણી જ અનુકૂળતા રહે છે. પેઢી તરફથી એક ગૌશાળા તથા ઔષધાલય પણ ચલાવવામાં આવે છે. ૧૪ તળાવોમાં પેઢી તરફથી માછલાંની રક્ષા પણ કરવામાં આવે છે.

## જોવાંલાયક દશ્યો

ભાંદકગામથી લગભગ ૧ માઇલ દૂર **વિંઝાસણ** નામે ઓળખાતી એક ટેકરી છે. આ ટેકરી ઉપર કોરી કાઢેલી જોડે જોડે ત્રણ ગુફાઓ છે. ત્રણે ગુફાઓમાં બુદ્ધની ૫ થી ૭ ફુટ ઊંચી ટેકરીના ખડકમાં જ કોતરેલી મૂર્તિઓ છે. આ મૂર્તિઓ જીર્ણ થઇ ગયેલી છે, તેમ જ કોઇક કોઇક સ્થળે ખંડિત પણ થયેલી છે.[1]

---

૧. પ્રસિદ્ધ ચીની યાત્રી **હ્યુએનત્સાંગ ચીન**માંથી ઇસ્વીસન ૬૨૯ માં નીકળીને ભારતમાં બૌદ્ધ-તીર્થોની યાત્રાર્થે આવ્યો હતો. તે લગભગ ૧૫ વર્ષ સુધી અહીં રહ્યો હતો. અને ભારતના ઘણા ભાગોમાં ફર્યો હતો. તે ફરતો ફરતો કલિંગથી **કોસલ** દેશમાં આવ્યો હતો. ત્યાંની રાજધાનીનું એણે નામ—ઠામનો ઉલ્લેખ કર્યા સિવાય વર્ણન કર્યું છે કેઃ "આ દેશની રાજધાનીનો ઘેરાવો લગભગ ૮ માઇલ છે. આ દેશની ભૂમિ ફલદ્રૂપ છે. શહેર અને ગામડાં નજીક નજીક છે. લોકો આબાદ છે. ઊંચા અને કાળા છે. રાજા ક્ષત્રિય છે, પણ ધર્મ બૌદ્ધ છે. ઉદારતા માટે પ્રસિદ્ધ છે. અહીં ૧૦૦ બૌદ્ધ મઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ટેશનથી ગામ તરફ આવતાં એક તળાવ અને તેને કિનારે એક મંદિર છે. તેમાં ખાડામાં મોટી ગણપતિની મૂર્તિ છે. ગામ પાસે ભદ્રનાગનું મંદિર છે. પત્થરનું એક સિંદૂરના લેપવાળું બાણ છે તેને લોકો ભદ્રનાગ કહે છે. સભામંડપમાં શેષનાગ ઉપર સૂઇ ગયેલા વિષ્ણુની મૂર્તિ છે. બહાર એક ખંડિત શિલાલેખનો પત્થર છે. તેમાં શકે ૧૩૦૧ અથવા ૧૩૦૮ ની સાલનો ઉલ્લેખ છે. અને તેમાં નાગનારાયણના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યાની હકીકત છે.

આપણા મંદિરની પાછળ એક નાનું ચંડિકાનું મંદિર છે. તેમાં થાંભલા ઉપર **संवत ११३३ श्रीवैक्रमे** તેમજ **चंडिकानुं** નામ એટલું વંચાય છે. બાકીનો ભાગ ઘસાઇ ગયો છે.

આપણા મંદિરની પાછળ લગભગ ૧ ફર્લાંગ દૂર **ડોલારા** તળાવ છે. તળાવ વચ્ચે એક ટેકરી છે. તળાવમાં પાણી ભરેલું રહે છે. ટેકરી સુધી જવા માટે જૂના જમાનામાં બાંધેલો એક પત્થરનો મજબૂત પૂલ છે. આ પૂલનો દેખાવ ઘણો સુંદર લાગે છે. કહે છે કે અહીં જલમંદિર હતું.

ગામથી લગભગ માઇલ દૂર ચિંતામણિ તલાવ છે. તલાવ ઘણું મોટું છે. કિનારા ઉપર ગણપતિનું મંદિર છે. આ સિવાય કિલ્લો વિગેરે બીજાં સ્થાનો પણ જોવા લાયક છે.

આ સ્થાનનો એક માત્ર પ્રાચીન ઉલ્લેખ ગણેશપુરાણમાં જોવામાં આવ્યો છે. ગણેશ-પુરાણના ૩૭ મા અધ્યાયમાં એવી વાત આવે છે કે **ગૃત્સમદ** મુનિએ **પુષ્પક** નામના સુંદર વનમાં વાસ કરીને ગણપતિનું ધ્યાન લગાવ્યું અને ૧ હજાર દિવ્ય વર્ષ સુધી તપશ્ચર્યા કરી. ગણપતિએ પ્રસન્ન થઇને વરદાન માંગવા કહ્યું ત્યારે **ગૃત્સમદ**મુનિએ "આ સ્થાનમાં રહી તમે ભક્તોની ઇચ્છાઓ પૂર્ણ કરો; તથા ગણેશપુર (ગણપતિના તીર્થ) તરીકે આ સ્થાનની પ્રસિદ્ધિ કરો' એવી માગણી કરી. ગણપતિએ વરદાન આપીને કહ્યું કે 'આ નગર દેવયુગમાં પુષ્પક નામે, ત્રેતાયુગમાં મણિપુર નામે તથા દ્વાપરયુગમાં **ભાનક** નામે અને કલિયુગમાં **ભદ્રક** નામે ઓળખાશે.''[1]

---

છે તેમ જ ૧૦૦૦૦ તેમાં મહાયાનપંથના બૌદ્ધ સાધુઓ રહે છે. શહેરની દક્ષિણે અશોકે બંધાવેલો સ્તૂપ (Tope) છે કે જ્યાં બુધ્ધે અન્ય મતવાળાઓને જીત્યા હતા. અને જ્યાં નાગાર્જુને પાછળથી આવીને વસવાટ કર્યો હતો." [On Yuan-chawang's travels in India. By Thoms Watters. ભાગ. ૨, પત્ર. ૨૦૦ ઓક્ષફર્ડ યુનિવર્સીટિ]. અહીં બૌદ્ધમૂર્તિઓ ઘણી સંખ્યામાં મળવાથી તેમજ ગુફાઓ હોવાથી સંશોધકોનું એમ કહેવું છે કે—કલિંગથી નીકળ્યા પછી કોસલદેશમાં આ જ આવું એક સ્થાન છે કે જે બૌદ્ધોનું આવું મોટું ધામ હોય. આથી તેઓ હુએનત્સાંગે વર્ણવેલી કોસલદેશની રાજધાની ભાંદક જ હશે એમ કલ્પે છે.

१ इदं च नगरं देवयुगे पुष्पकसंज्ञितम् ! त्रेतायां मणिपुरं च भानकं द्वापुरेऽपि च ॥ कलौ तु भद्रकं नाम ख्यातं लोके भविष्यति । अत्र स्नानेन दानेन सर्वान् कामानवाप्नुयात् ॥ [गणेशपुराण ४३/२—४४/१].

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણેશપુરાણમાં વર્ણવેલું **ભાનક** તે આજનું ભાંદક છે એમાં જરા પણ શંકાને સ્થાન નથી. જો કે અત્યારે કલિયુગમાં ભાંદક નામ છે, પણ એમાં ઉચ્ચારભેદ સિવાય બીજું કંઈ જ નથી. આ ગણપતિનું જ મુખ્યતયા તીર્થ હતું એ નિર્વિવાદ છે. આજે પણ ભાંદકમાં પુરાણા અવશેષોમાં ગણપતિની મૂર્તિઓ જ મોટે ભાગે મળે છે. જ્યાં જુઓ ત્યાં ગણપતિની અને સાથે ગણપતિનાં માતા-પિતા શંકર-પાર્વતીની મૂર્તિઓ હોય જ.

ઐતિહાસિક દૃષ્ટિએ ગણેશપુરાણ દોઢથી બે હજાર વર્ષ જૂનું ગણાય જ. એટલે આ નગરી એટલી પ્રાચીન તો ખરી જ ખરી.[1]

આ તીર્થની યાત્રા કરવા આવનારને અંતરિક્ષપાર્શ્વનાથતીર્થ તથા કુલ્પાકજી તીર્થની યાત્રા કરવાનો પણ લાભ ઘણી જ સહેલાઈથી પ્રાપ્ત થાય છે. આકોલાથી ૧૦૯ માઇલ **વર્ધા** છે. ત્યાંથી દક્ષિણે બલ્લારશા જતી લાઇનમાં ૬૦ માઇલ દૂર ભાંદક છે. ત્યાંથી લગભગ ૨૦૦ માઈલ કુલ્પાકજી તીર્થ છે. કુલ્પાકજીથી હૈદ્રાબાદ ૪૦ માઈલ જ છે. અને ત્યાંથી મદ્રાસ, પુના, મનમાડ વિગેરે ગમે તે બાજુ સીધા જઇ શકાય છે.

તીર્થયાત્રા સમ્યગ્દર્શનની શુદ્ધિનો ઉત્તમોત્તમ ઉપાય છે, દૂર દૂરના સાધર્મિક બંધુ-ઓનો સંબંધ બંધાવાનું અને તેમના દર્શનનું સાધન છે, સમ્યકત્વનું ભૂષણ છે, મોહનું મારણ છે અને કર્મનિર્જરાનું કારણ છે.

सं. २००६, आश्विन सुदि १.
मु. आकोला (मध्यप्रदेश)

मुनिराजश्री भुवनविजयान्तेवासी
मुनि जम्बूविजय.

---

૧ મહાભારત બે છે-વ્યાસરચિત અને જૈમિનિરચિત. વ્યાસરચિત સંપૂર્ણ છે. જૈમિનિરચિતનું માત્ર અશ્વમેધપર્વ જ મળે છે. બાકીનું નષ્ટ થયું મનાય છે. જૈમિનિરચિતમાં એવી હકીકત છે કે—મહાભારતનું યુદ્ધ જીત્યા પછી યુધિષ્ઠિરને ઘણો પશ્ચાત્તાપ થયો, કારણ તેમાં ઘણાં જ વડિલો સગાં-સંબંધી આદિ માર્યાં ગયાં હતાં. તેથી તેણે વનવાસ જવાનો વિચાર કર્યો. આ અવસરે વ્યાસઋષિ આવી પહોંચ્યા અને અશ્વમેધ યજ્ઞ કરીને પાપ દૂર કરવાની સલાહ આપી. આને યોગ્ય અશ્વ ભદ્રાવતી નગરીના યૌવનાશ્વ રાજા પાસે હતો. રાજા ઘણો જ બલવાન હતો અને તેને અશ્વ અત્યંતપ્રિય હતો. આ રાજાને જીતીને જ ઘોડો મળી શકે અને જીતવા માટે **ભીમસેન**, કર્ણપુત્ર **વૃષકેતુ** તથા ઘટોત્કચનો પુત્ર મેઘવર્ણ ત્રણ જણ તૈયાર થયા. હસ્તિનાપુરથી ત્રીજે દિવસે તેઓ પૂર્વ દિશામાં **ભદ્રાવતી** આવી પહોંચ્યા. અને સૈન્ય સાથે સરોવરમાં ઘોડો પાણી પીવા આવ્યો ત્યારે તેનું સૈન્ય વચ્ચેથી અપહરણ કર્યું. પછી તો રાજા સાથે ઘણી મોટી લડાઇ થઇ. તેમાં રાજાનો પરાજય થયો. પછી પરસ્પર પ્રીતિ બંધાઇ અને અશ્વ તથા રાજા સાથે બધા પશ્ચિમદિશામાં હસ્તિનાપુર નગરે આવ્યા."

અહીંની સ્થાનિક લોકવાયકા એવી છે કે—આ મહાભારતવર્ણિત ભદ્રાવતી તે જ અમારું ભાંદક છે. આપણી જૈન પેઢીના સંચાલકોએ પણ આથી ભગવાનનું શ્રી ભદ્રાવતીપાર્શ્વનાથ નામ રાખ્યું છે.

પણ જૈમિનિ અશ્વમેધમાં હસ્તિનાપુરથી પૂર્વદિશામાં ભદ્રાવતીને જણાવી છે તેમ જ ભદ્રાવતીથી પશ્ચિમમાં હસ્તિનાપુર વર્ણવ્યું છે એ વાત સંશોધકોએ લક્ષ્યમાં રાખવી; કારણ કે હસ્તિનાપુરથી ભદ્રાવતી પૂર્વદિશામાં નહીં, પણ દક્ષિણદિશામાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

લેખક : આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૫૨ થી )

આપણે શુભાશુભના ઉદયમાં અનુકૂળતા, પ્રતિકૂળતા, સુખ-દુઃખ માનવાના જ અર્થાત શુભાશુભના ઉદયથી મોહનીયના દબાણને લઇને રાગ દ્વેષની પરિણતિ થવાની જ. આ રાગ દ્વેષની પરિણતિને લઇને આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી જવાનો, જેથી કરીને જડ તથા જડના વિકારોની આત્મા ઉપર અત્યંત અસર થવાથી કાયિક, વાચિક તથા માનસિક ત્રિવિધ તાપોથી સંતપ્ત થઈને અનેક પ્રકારની યાતનાઓ ભોગવવાનો, પરંતુ આ બધાયે કલેશોની શાંતિ માટે આ કાળમાં આપણે કાંઈક પ્રયાસ કરવો જોઇએ અને તે વારંવાર થતા કર્મના હુમલાઓમાંથી બચાવી લેવો એટલું અત્યારે બની શકે છે. બાકી કર્મોનો નાશ કરવા જેટલું સત્ત્વ સામર્થ્ય આપણામાં નથી. તેમજ શરીર વગેરે સાધનો પણ સારાં મળ્યાં નથી.

૪૯

આત્માને છોડીને વસ્તુ માત્ર ક્ષણવિનશ્વર છે, માટે જડ વસ્તુઓના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ગુણોમાંથી સારા નરસાની ભાવના કાઢી નાખી જડ વસ્તુઓમાંથી આસક્તિ ઓછી કરી નાખવી. જડ વસ્તુના ભોગોપભોગની ઇચ્છાથી રહિત થવા પ્રયાસ કરવો. જડ વસ્તુઓમાં સુંદરતા, સુખ-શાંતિ, આનંદ છે એમ મોહનીય આપણને સમજાવે તો તેના ઉપર શ્રદ્ધા રાખવી નહિ. કોઇ આપણને દુઃખ આપે, આપણી નિંદા કરે, અવર્ણવાદ બોલે, આપણું અહિત કરે તેને શત્રુ તરીકે મોહ સમજાવીને તેનું વિરૂપ કરવાને પ્રેરણા કરે તો આપણે તેને શત્રુ માની દુઃખી કરવાના પ્રયાસો કરવા નહિ. આ બધામાં આપણા અશુભ કર્મોનો જ દોષ જાણવો તેમજ આપણા સાચા શત્રુ કર્મને સમજવા. રાગદ્વેષને ઓછા કરી નાંખીને સમભાવ રાખવાની ટેવ પાડવી.

૫૦

આપણે તો વિચાર સંકલ્પ માત્ર કરી શકીએ. બાકી જ્ઞાની પુરુષો-સર્વજ્ઞો ભાવીને જાણી શકે છે સમય-સમયમાં થનારી ક્ષેત્રસ્પર્શનાઓ અને ભાવોને સર્વજ્ઞો સાચી રીતે જાણે છે. દ્રવ્ય-કાળ-ક્ષેત્ર અને ભાવથી આ આત્માએ અનંતા પુદ્ગલપરાવર્તન કર્યા છે છતાં કર્માધીન હોવાથી કાંઇ પણ જાણી શકતો નથી, તો જે સ્પર્શનાઓ થવાની છે તેને તો કયાંથી જાણે ? આ આત્મા વિભાવ પર્યાયરૂપ આકૃતિ પ્રકૃતિઓ અને વિકૃતિઓમાં ભળ્યો તોપણ સ્વરૂપથી ભ્રષ્ટ થયો નથી. એક એક પુદ્ગલ અનંતી વખત ફરસ્યું, હવે કેટલી વખત અને કેટલા કાળ સુધી સ્પર્શવાના છે તે બતાવનાર જ્ઞાની અત્યારે કોઇ નથી. જે વિભાવ પર્યાયમાં આત્મા અત્યારે વિચરી રહ્યો છે તેણે કેટલું આકાશ ક્ષેત્ર ફરસ્યું અને કેટલું બાકી છે ? આ મનુષ્ય પર્યાયમાંથી બીજી પર્યાયમાં પરિવર્તન કયા આકાશપ્રદેશમાં થશે તે બધુંયે અંધારામાં છે. જે જે આકાશ ક્ષેત્રમાં સંસારવાસી પ્રાણીઓ સાથે સાથે ભિન્નભિન્ન સંબંધો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી જોડાઇને જે કાંઈ લાભ કે હાનિ થવાની છે તેમાં સંકલ્પ, વિકલ્પ કે ઇચ્છાને અવકાશ જ નથી. ઘણાખરા પ્રસંગો અણધાર્યા જ બને છે, છતાં અર્ધા પુદ્ગલપરાવર્તનની સ્પર્શના શેષ રહે છે ત્યારે ઘણે ભાગે આત્માને લાભના પ્રસંગો મળી રહે છે.

૫૧

ટૂંકું જીવન, સ્થિતિ વિષમ, બુદ્ધિની દરિદ્રતા અને વિચારની તુચ્છતા હોય તો માનવી કશુંયે મેળવી શકે નહિ. વસ્તુવિચારણા વગર પુસ્તકોનાં પાનાં ફેરવવાં વ્યર્થ છે, પણ વર્તમાન કાળમાં પ્રાયે ભાષા જાણી લખેલું વાંચી સંભળાવીને વિભાવ પર્યાયની પૂજા અને મહત્વતા વધારવા પ્રયાસ કરવામાં આવતો હોવાથી એ દૃષ્ટિએ કાંઇક સાર્થકતા ખરી, છતાં પૂજા અને મહત્વતા મેળવવામાં અનેક વિઘ્નો રહેલાં હોવાથી ક્લેશમય જીવન વ્યતીત થાય છે કે જે આત્માનું અહિત અને અનિષ્ટકર્તા થઈ પડે છે. ભાષામાંથી જાણી, સમજી સમજાવી જાણે તે પંડિત કહેવાય અને ભાવ વાંચી જાણી સમજી સમજાવી જાણે તે જ જ્ઞાની કહેવાય છે. પંડિત તો મિથ્યાદૃષ્ટિ અભવ્ય જેવા પણ થઈ શકે છે અને તે અનાર્યો પણ અત્યારે ઘણા છે, પરંતુ જ્ઞાની તો સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી લઇને આગળના ગુણો મેળવેલા ઉચ્ચતમ આત્માઓ હોઇ શકે છે.

૫૨

જગત બે દૃષ્ટિથી જોવાય છે. એક અંતરદૃષ્ટિ અને બીજી બાહ્યદૃષ્ટિ. આ અંદરની અને બહારની બન્ને દૃષ્ટિએ વચ્ચે ઘણું અંતર છે. દિશાઓ તદ્દન જુદી છે. પાછલા મહાપુરુષોએ વ્યવહાર દૃષ્ટિને લક્ષમાં રાખીને ખમાવવાની રૂઢિ પ્રચલિત કરી છે. તાત્ત્વિકદૃષ્ટિથી વિચારીએ તો પ્રાણીમાત્ર પ્રભુના અપરાધી છે, કારણ કે પ્રભુના કહ્યા પ્રમાણે વર્તતા નથી. જો પ્રભુના કહ્યા પ્રમાણે વર્તાય તો કોઈના પણ અપરાધી થવાય નહિ. એક જીવ બીજા જીવનો અપરાધી બની શકતો નથી, કારણ કે એક વખત એક જીવ પોતે બીજા જીવના સુખ દુઃખમાં નિમિત્ત બને છે ત્યારે બીજી વખતે બીજો જીવ પોતાના સુખ દુઃખમાં નિમિત્ત બને છે, તેમાં કોઇ કોઇનો અપરાધી બની શકતો નથી, તો પણ જો બીજાના સુખદુઃખના નિમિત્તમાં પ્રભુની સંમતિ ન હોય તો, અર્થાત પ્રભુના કહ્યા પ્રમાણે ન વર્તાય તો પ્રભુના અપરાધી બનાય છે, માટે આપણે સંસારના સઘળા જીવોએ પ્રભુ પાસે ક્ષમા માગવી જોઇએ. અર્થાત્ પ્રભુના કહ્યા પ્રમાણે ન વર્તાયું તેની ક્ષમા માગી અઠ્ઠમના તપરૂપ પ્રાયશ્ચિત લેવું અને ભાવીના માટે પ્રભુની આજ્ઞા પાળી નિરપરાધી બનવા લક્ષ્ય રાખવું. તે તાત્ત્વિક ક્ષમા યાચના. હવે રૂઢ થયેલી ક્ષમા માટે તો એટલું જ કે મન, વચન અને કાયાથી બીજાને દુઃખ થાય તેવું કાંઈપણ બોલાયું કે વર્તાયું હોય તો ક્ષમા યાચવી. બીજાના અપરાધો માટે દરગુજર કરવું અને તેને શુદ્ધ હૃદયથી આત્મસ્વરૂપે જોવું. આ જીવનમાં જ્યાંસુધી માનવી શુભ ઉપયોગમાં હોય છે ત્યાંસુધી તો આત્મસ્વરૂપે પોતાને જોવાય છે–જણાય છે, અને ભાવી જીવનમાં તો ઉપયોગ શુદ્ધિ મેળવાય છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક. કા. સ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની અપૂર્વ મહાનુભાવતા—અદ્વિતીય ઉદારતા.

લેખકઃ—મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ (ત્રિપુટી)

( ગતાંક પૃષ્ઠ ૫૪ થી શરૂ. )

શિવપુરાણમાં કહેલી વિધિ પ્રમાણે આહ્વાનન—અવગુંઠન—મુદ્રા, મંત્ર, ન્યાસ-વિસર્જન વગેરે ઉપચારવડે પંચોપચાર વિધિથી શિવનું પૂજન કરી, **भवबीजांo यत्र तत्र समये** વગેરે શ્લોકોથી સ્તુતિ કરી છે. ( પ્રબંધચિન્તામણી. પૃ. ૧૮૦ )

આ પ્રસંગ તો ખૂબ જ સૂચક અને અદ્ભૂત લાગે છે. ભારતના પુણ્યશ્લોક ઇતિહાસમાં જૈનાચાર્યનું આ ઉદારતા અને મહાનુભાવતા-ભર્યું વર્તન તો સુવર્ણાક્ષરે આલેખાય તેવું ઉજ્વલ છે. ભારતના ઇતિહાસમાં આવો જોટો શોધ્યો જડે તેમ નથી. કદી કોઇયે વાંચ્યું કે સાંભળ્યું પણ નહિં હોય કે કોઈ પણ અજૈન ધર્માચાર્યે; પોતાના ઉપદેશથી જૈનમંદિરનું નિર્માણ—ઉદ્ધાર કે પ્રતિષ્ઠા કરાવ્યાં હોય. ખરે જ ધન્ય છે જૈનાચાર્યજીના આ ઉદારતા, મહાનુભાવતા અને સમભાવીતાને.

જૈન ધર્મના સિદ્ધાંતો સ્યાદ્વાદ અને અનેકાંતવાદના ઉપાસકો—સંપ્રતિ રાજા, વિક્રમાદિત્ય, વસ્તુપાલ તેજપાલ વગેરે જૈન શ્રાવકોએ પણ જૈન ધર્મને પ્રાણથી પ્રિય ગણવા છતાંયે અન્ય-ધર્માવલંબીઓના ધર્મસ્થાનો બંધાવ્યાં છે, શોભાવ્યાં છે અરે! વસ્તુપાલ તેજપાલે તો મસીદો બંધાવી અને મક્કામદીનાને કીંમતી તોરણો પણ મોકલાવ્યાના ઉલ્લેખો મલે છે. જૈન ધર્મની સાચી લાક્ષણિકતા મનુષ્યને ઉદાર, સમભાવી, ધર્મપ્રેમી બનાવી સાચો સભ્ય માનવી બનાવે છે. ખેર, હવે મૂળ વસ્તુ તરફ જ વળીયે. રાજાને સૂરિજી ઉપરની ભક્તિ વધી. સૂરિજીની ગુણગ્રાહક વૃત્તિએ અને નિષ્પક્ષ ભાવનાએ રાજાના હ્રદયમંદિરમાં ભક્તિ દેવીને સ્થાન અપાવ્યું.

રાજાએ સૂરિજીને પૂછ્યું છેઃ મને સત્ય દેવતત્ત્વ—ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ બતાવો. સૂરિજીએ કહ્યું કે—રાજન્! હું કહું પરન્તુ ખુદ મહાદેવજીના મુખથી જ તું સાંભળ. થોડી જ વારમાં મોટો તેજપુંજ પ્રગટ થાય છે અને અદૃશ્યપણે અવાજ થાય છે. રાજન્! સંસારમાં દેવતત્ત્વ જિનેશ્વરમાં વિરાજિત છે. "હે રાજા! આ મહર્ષિ સર્વ દેવોનો અવતાર છે. તેઓ જરાયે પડદા વિના પરબ્રહ્મને જોઇ શકે છે. તથા હાથમાં રાખેલા મૌકિતકની પેઠે ત્રણે કાળનું સ્વરૂપ એના જાણવામાં છે. તેઓ મુક્તિના જે માર્ગનો ઉપદેશ કરે તેને મુક્તિનો ચોક્કસ માર્ગ જાણવો." આટલો ઉપદેશ આપીને ભૂતપતિ ( શંકર ) અદૃશ્ય થયા.

આ મંદિરમાં જ રાજાએ સૂરિજીના ઉપદેશથી **જિંદગી પર્યંત માંસ અને મદિરાના ત્યાગની પ્રતિજ્ઞા લીધી.**

ઇતિહાસનાં અન્યાન્ય સાધનોદ્વારા જાણવા મળે છે કે સોમનાથજીના મંદિરનો આ ઉદ્ધાર હિન્દુ રાજત્વકાલમાં, હિન્દુ રાજાના હાથથી આ અન્તિમ થયો છે એમ લાગે છે.

આવી જ રીતે કાશીના પ્રસિદ્ધ કેદારનાથનાં મંદિરનો જીર્ણોદ્ધાર પણ મહારાજા કુમારપાલે કરાવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતના ઇતિહાસમાં આ હૈમયુગ સુવર્ણાક્ષરે આલેખાય તેવાં સુંદર સત્કાર્યો થયાં છે.

## તીર્થોદ્ધાર.

આ સુવર્ણ યુગમાં જ જૈન સંઘના સુપ્રસિદ્ધ અને પવિત્ર તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો. યદ્યપિ સિદ્ધરાજ જયસિંહે અને કુમારપાલે સિદ્ધાચલની યાત્રાઓ સૂરિજી સાથે કરી છે. સિદ્ધરાજે શત્રુંજયગિરિનાં મંદિરોની વ્યવસ્થા તથા રક્ષણ માટે બાર ગામ દાનમાં આપ્યાં છે, પરન્તુ આ તીર્થના ભવ્ય મંદિરઉદ્ધાર તો ધર્માત્મા ઉદાયન મંત્રીના સુપુત્ર અને કુમારપાલના મહામાત્ય આંબડ અને બાહડે કરાવ્યો છે. અને આ મહાન ગગનચુમ્બી ભવ્ય મંદિરમાં ૧૨૧૧* માં શ્રી હેમચંદ્રાચાર્યજીના હાથે પ્રતિષ્ઠા થઇ હતી. આ વખતે મહારાજા કુમારપાલ પોતે પણ હાજર રહ્યા હતા. આ મંદિરના નિર્માણ વગેરેમાં એક કરોડ અને સાઠ લાખનો ખર્ચ થયો હતો.

તેમજ સૌરાષ્ટ્રના ભૂષણરૂપ રૈવતાચલ–ગિરનાર તીર્થનો ઉદ્ધાર **સજ્જન મહેતાએ** સિદ્ધરાજના સમયમાં કરાવેલો હતો. આ પણ હેમયુગનું જ મહદ્ કાર્ય છે.

ગિરનાર ઉપરનો દુર્ગમ–જટિલપથ–રાજમાર્ગ પણ આ યુગમાં જ સુલભ, સરલ અને આબાલગોપાલ વિનામુશ્કેલીએ જઇ શકે તેવો બન્યો છે.

સિદ્ધરાજ જયસિંહે અને મહારાજા કુમારપાલે જૈન મંદિરો બંધાવ્યાં એમાં કુમારપાલે તો પાટણ, સિદ્ધગિરિ, તારંગા, ગિરનાર, આબુ વગેરેમાં સિદ્ધવિહાર, ત્રિભુવનપાલવિહાર, કુમારવિહાર વગેરે સ્થાનોમાં ભવ્ય મંદિરો બંધાવ્યાં છે. ઇડરના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. ચિત્તોડના કિલ્લામાં જૈન મંદિર બંધાવ્યું છે. ભૃગુકચ્છ(ભરૂચ)ના સુપ્રસિદ્ધ અશ્વાવબોધ યાને સમળિકા વિહારનો જીર્ણોદ્ધાર બાહડ (આંબડે) કરાવ્યો હતો અને સૂરિજી મહારાજે તેની પ્રતિષ્ઠા કરાવી હતી. આ મંદિરના ઉદ્ધાર વખતે આંબડ મંત્રીને મોટો ઉપદ્રવ થયો હતો પરંતુ સૂરિજી મહારાજે તે ઉપદ્રવ દૂર કર્યો હતો.

મહારાજા કુમારપાલે ૧૨૧૬ માં જૈન ધર્મ સ્વીકાર્યો ત્યારપછી એમનાં શુભ કાર્યો અને દિનચર્યા માટે વિસ્તૃત નોંધરૂપ એક લેખ જૈન સત્ય પ્રકાશમાં મેં આપ્યો હતો તે જોવાની ભલામણ કરી લેખને વધુ લંબાવવો ઉચિત નથી માન્યો, છતાં ટૂંકમાં એટલું તો લખવું જ પડે છે કે મહારાજા કુમારપાલે ૧૪૪૪ ભવ્ય જિનમંદિરો બંધાવ્યા છે. પોતે પ્રાતઃકાલનું નવકારશી (નોકારશી) પચ્ચખાણ ત્યારે જ પારતા કે એક જૈન મંદિર બંધાવ્યાની વધામણી કે જીર્ણોદ્ધારની વધામણી મળતી અર્થાત રોજ એક જિનમંદિર થતું કે જીર્ણોદ્ધાર જરૂર થતો.

ગુજરાત, સૌરાષ્ટ્ર, લાટ, સ્થંભન પ્રદેશ, માળવા, મેવાડ, મારવાડ વગેરે પ્રદેશોમાં આ સુવર્ણ યુગમાં ભવ્ય મંદિરો, સુંદર જિનમૂર્તિઓ, દાનશાળાઓ, વસહિકા–ઉપાશ્રયો, ધર્મશાળા વગેરે ઘણાં ઘણાં સત્કાર્યો થયાં છે.

સૂરિજીના ઉપદેશથી મહારાજા કુમારપાલ અને તેના મંત્રીમંડળે અને સિદ્ધરાજના મંત્રીમંડળે જેમાંનાં બહુધા વણિકો હતા તેમણે પ્રજાને પુત્રવત્ પાળી પ્રજાના કલ્યાણ માટે અનેક શુભ કાર્યો કર્યાં છે. દેશમાં શાંતિ–સંપ–પ્રેમ–ઐકય વધ્યાં છે. વૈરઝેર–ઝઘડા, કલહ મટ્યાં છે અને દેશને આબાદ અને સમૃદ્ધ

* પ્રભાવક ચરિત્રમાં આ પ્રતિષ્ઠાનો સમય ૧૨૧૩ નો જણાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનાં પગલાં લેવાયાં છે. ગુજરાત, ઉદ્યોગ, વ્યાપાર, કલા, સમૃદ્ધિ–લક્ષ્મી, ધર્મ અને શિક્ષણમાં સંસ્કાર અને પાંડિત્યમાં આ હેમયુગમાં ભારતના બીજા બીજા પ્રાંતો કરતાં ઉન્નતિના ઉચ્ચ શિખરે પહોંચ્યું હતું.

મહારાજા કુમારપાલે વિધિપૂર્વક જૈન શ્રમણોપાસક ધર્મની દીક્ષા–શ્રાવકનાં બાર વ્રત લીધા પછી પોતાના આખા સામ્રાજ્યમાં અહિંસાનો વિજયનાદ ગજાવ્યો. અમારી પડહ વગડાવ્યો. કોઈ પણ નિર્દોષ જીવને કોઇ ન પીડે, ન સતાવે કે ન ત્રાસ આપે, દીનદુઃખીયા અને અનાથનો બેલી રાજા હતો. 'દુર્બલો કા નાથ' થવામાં રાજાને ગૌરવ હતું. રાજાએ પોતાના રાજ્યમાંથી ધર્મને નામે થતી હિંસા, પશુબલિદાન બંધ કરાવ્યાં. પોતાના રાજ્ય સિવાયના બીજા રાજાઓ પાસેથી પણ કુમારપાલે અહિંસા પળાવી છે. આ બધું આપણા ચારિત્રનાયક સૂરિપુંગવના ધર્મોપદેશનું જ શુભ પરિણામ હતું.

## અપુત્રીયાના ધનનો ત્યાગ.

આ સિવાય એક મહાન કામ રાજાએ કર્યું છે જેને માટે ગુર્જર પ્રજા રાજાનો સદાયે ઋણી રહ્યો છે.

એ મહાન કામ છે; અપુત્રીયાના ધનનો ત્યાગ. આ પ્રસંગની કથા લાંબી છે એટલે નથી આપી પરંતુ મહારાજા કુમારપાલે અપુત્રીયાનું ધન જેનું અપરનામ '**રૂદતીવિત્ત**' (જેના ઘરમાં પતિ અને પુત્ર ન હોય, એકલી સ્ત્રીઓ, માતા, પત્ની કે બ્હેન વગેરે ગમે તે હોય તેનું બધું ધન રાજા લઈ જતો. આ પ્રસંગે સ્ત્રીઓને પતિ, પુત્ર અને ભાઇના શોકનું રુદન ચાલતું હોય ત્યાં ક્ષત ઉપર મીઠું ભભરાવવાની જેમ રાજસૈનિકો બધું ધન લેવા આવતા અને લઇ જતા. આથી સ્ત્રીઓ ખૂબ રડતી જેથી આ કરનું નામ રૂદતીવિત્ત કહેવામાં આવ્યું છે.) હતું. તે કર–ધન લેવાનું મહારાજા કુમારપાલે માફ કર્યું હતું. આ અપુત્રિયાના ધનથી રાજભંડારમાં ૭૨ લાખ સોનામહોરો આવતી હતી. રાજાને એના પ્રધાનો અને સામંતોએ પણ આ કર માફ કરવાની ના પાડી હતી પરંતુ સૂરિજીના ઉપદેશથી રાજાએ રાજીખુશીથી અપુત્રીયાનું ધન માફ કર્યું હતું. આ વખતે સૂરિજીએ કહેલ સમયોચિત ઉપદેશ ખાસ સાંભળવા યોગ્ય છે.

"પુત્ર વગર મરી જનારાઓનું ધન લેનાર રાજા તેનો પુત્ર થાય છે અને સંતોષથી તે છોડીદેનાર તું ખરેખર રાજપિતામહ (રાજાઓનો દાદો) છો."

આ વખતે સૂરિજીદ્વારા કહેવાયેલું નીચેનું પદ્ય પણ યોગ્ય જ છે–

"नयन्मुक्तं पूर्वैरघुनघुषनाभागभरत—
प्रभृत्युर्वीनाथैः कृतयुगकृतोत्पत्तिभिरपि ।
विमुंचन् संतोषात्तदपि रुदतीवित्तमधुना
कुमार क्ष्मापाल ! त्वमसि महतां मस्तकमणिः"

(પ્રભાવક ચરિત્ર)

**ભાવાર્થ**–કૃતયુગમાં થયેલા રઘુ, નઘુષ (નહુષ), નાભાગ અને ભરત વગેરે રાજાઓએ પણ અબળાના ધનને જે ન્હોતું છોડયું તે રૂદતીવિત્ત તેં છોડયું માટે હે કુમારપાલ! તું મોટા રાજાઓમાં–મોટા પુરુષોમાં મુગુટ સમાન છે.–મુગુટમણિ છે.

અર્થાત્ ભારતી રાજાવલીના ઇતિહાસમાં રાજાનું આ ધર્મકૃત્ય અદ્વિતીય અપૂર્વ છે.

હેમયુગ; સુવર્ણયુગ હતો એનું જ્વલંત ઉદાહરણ જોવું હોય તો એક જ વસ્તુથી જણાઇ આવે છે. આ સમયે એકલા પાટણમાં જ ૧૮૦૦ કરોડપતિઓ વસતા હતા.

સૂરિજીના ઉપદેશથી મહારાજા કુમારપાલે સાત વાર સંઘ કાઢી, સંઘપતિ બની, "છરી"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાળતાં શત્રુંજય વગેરે તીર્થોની યાત્રાઓ કરી છે અને કરાવી છે.

અન્તમાં આ મહાન્ સૂરિજીના જીવનના ટૂંક પ્રસંગો આ પ્રમાણે છે–૧૧૪૫માં કા. શુ. ૧૫– જન્મ, ૧૧૫૦ માં મહાશુદિ ૧૪ દીક્ષા, ૧૧૬૬ માં આચાર્ય પદ, અને ૧૨૨૯–૩૦ માં અનશન કરી સ્વર્ગે પધાર્યા.

બાલબ્રહ્મચારી, ત્યાગ અને તપની જીવંત મૂર્તિ; સાક્ષાત્ સરસ્વતીના અવતાર જેવી મહાન, જ્ઞાનના[1] સમુદ્ર, પ્રવચનપ્રભાવક, દ્રવ્યક્ષેત્રકાલ અને ભાવના યથાર્થ સ્વરૂપના જાણ, ગુજરાતના બંને રાજાઓને પ્રતિબોધનાર આ મહાન્ સૂરિપુંગવ ગુજરાતની અસ્મિતાના આદ્યદ્રષ્ટા, ગુજરાતના સપુત ૮૦ વર્ષની ઉમ્મરે પાટણમાં સ્વર્ગવાસ પામ્યા.

પટણીઓએ–પાટણની ભક્તિસંપન્ન પ્રજાએ અને રાજાએ તેમના અન્તિમ દેહને અપૂર્વ અભૂતપૂર્વ માન આપ્યું. જે ઠેકાણે આ મહાન્ સાધુપુરુષના પવિત્ર દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો તે સ્થાનની રાખને પણ પૂજવા માટે દરેક પટણી પોતાને ઘેર લઇ ગયા. જે મોડા પડયા, પાછળથી આવ્યા તેમને રાખ-સૂરિજીના પવિત્ર દેહની રાખ પણ હાથ ન આવી તેમણે એ સ્થાનની માટી પણ લીધી. કહે છે કે–માટી પણ એટલી બધી લીધી કે ત્યાં ખાડો પડયો. ખરેખર આ તો સૂરિજીના ભક્તિનો એક અંશ જ છે પરંતુ આ ભવ્ય અને પવિત્ર પ્રસંગને અંજલી આપવાને બદલે પાછળના સૂરિજીના તેજોદ્વેષીઓએ; અજ્ઞાન-ઇર્ષ્યા અને દ્વેષને વશીભૂત બની ‘ઝમોર’ જેવી કાલ્પનિક મનગઢન્ત કલ્પનારૂપે ઘટાવી પરન્તુ આ બધું વ્યર્થ જ હતું. સૂર્યની સામે ધૂળ ઉડાડવાથી શો ફાયદો થતો હશે એ સમજી લેવાની જરૂર છે. બસ અન્તમાં શાસનદેવ સર્વને સદ્બુદ્ધિ આપે અને આવા મહાત્માઓનાં ગુણોનું દર્શન થાય એ શુભેચ્છાપૂર્વક હજી આગળ વધું છું.[2]

---

૧ પાશ્ચિમાત્ય વિદ્વાન પીટર્સન પણ શ્રી હેમચંદ્રાચાર્યજીના બનાવેલા ગ્રંથરાશીને જોઇને સૂરિજીને માટે મુક્તકંઠે કહે છે. ‘Ocean of Knowleelge’ ‘જ્ઞાનના સાગર’ હતા.

૨ આ લેખ લખવામાં કુમારપાલ પ્રબંધ, કુમારપાલ પ્રતિબોધ, પ્રભાવક ચરિત્ર, ચતુર્વિંશતિ પ્રબંધ, પ્રબંધચિંતામણી, કુમારપાલ ભૂપાલ ચરિત્ર, હૈમસમીક્ષા, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, જૈન ધર્મ સત્ય પ્રકાશની ફાઇલો વગેરે વગેરેની મેં સહાયતા લીધી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *જેસલમેર—પ્રાચીન જ્ઞાનભંડાર અને મુનિમહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

**સમિતિ પર આવેલ પત્રોમાંથી, તેમજ સમિતિના કેટલાક સભ્યોની તાજેતરની મુલાકાતવેળા જ્ઞાનભંડારમાંની સામગ્રી અંગે મહારાજશ્રીએ પ્રગટ કરેલ કીમતી ઉદ્દગારો-માંથી; જૈન સમાજની જાણ અર્થે સંક્ષિપ્ત તારવણી રજૂ કરેલ છે.**

૧. જૈન આગમોનું હું નજિકના ભવિષ્યમાં વ્યવસ્થિત અને અતિપ્રમાણિક પ્રકાશન કરવા ઇચ્છું છું. તેની પ્રાચીન પ્રતિઓ અહીંના ભંડારમાં જે જે હોય તે બધીનો ઉપયોગ કરી લેવો અને તે સાથે જૈન કે જૈનેતર દાર્શનિક તેમજ બીજું જે જે આલંકારિક, વ્યાકરણને લગતું અને બીજું પણ જે કાંઇ ઉચિત લાગે તે બધાય સાહિત્યને સરખાવી તૈયાર રાખી મૂકવું.

૨. મહત્ત્વના ગ્રંથો, ચિત્રો, વી. જે જે આવશ્યક અને મહત્ત્વના હોય તેના ફોટા કતરાવી લેવા....

૩. આખા ભંડારને બરાબર તપાસી લેવો અને ખેરવિખેર થઇ ગયેલા ગ્રંથોને વ્યવસ્થિત કરી, નવી પાટીઓ, નવા કપડાના બંધનો અને દરેક માટે સ્વતંત્ર પેટીઓ બનાવી દેવી, કે જેથી આજે વિદ્યમાન આ મહર્ધિક જ્ઞાનભંડાર બીજા કેટલાક સૈકાઓ પર્યંત ટકી શકે. જૈન શ્રી સંઘની આ મીલ્કતની કિંમત આંકવી મુશ્કેલ છે. જૈન સમાજની સંસ્કૃતિના પ્રતીકરૂપ આ અનુપમ વારસો છે.

૪. જેસલમેરનો ભંડાર સંશોધનની દ્રષ્ટિએ ઘણો મહત્ત્વનો છે. જો કે આજ સુધીમાં આ ભંડારમાંથી ઘણું ઘણું વેરવિખેર અને જીર્ણ-શીર્ણ થઇ ગયું છે, છતાં હજુ ઘણું ઘણું મહત્ત્વનું છે. જે જૈન સંસ્કૃતિ અને શ્રી સંઘને માટે ગૌરવની વસ્તુ છે. ભંડારમાં આગમ સાહિત્ય પ્રાચીન ઘણું છે. એ ઉપરાંત દાર્શનિક સાહિત્ય પણ છે. મૌલિક સંશોધન માટે તો આ ભંડાર અને આ જાતના પ્રાચીન તાડપત્રીય સંગ્રહો ધરાવનાર પાટણ, ખંભાત, વી. ના ભંડારો ઘણા જ મહત્ત્વના છે.

૫. ઝીણવટથી તપાસતાં અપૂર્વ પુસ્તકો લબ્ધ થયા છે. આચાર્ય શ્રી પાદલિપ્તસૂરિકૃત **જ્યોતિષકરંડપ્રકીર્ણક**ની ટીકા મળી આવી છે. આજ સુધીમાં આ ગ્રંથની નકલ બીજે ક્યાંયથી મળી શકી નથી. ફક્ત તેરમા સૈકામાં સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપર ટીકાકાર આચાર્ય શ્રી મલયગિરિજીની ટીકામાં આ ટીકાગ્રંથનો ઉલ્લેખ આવતો હતો જે આજે નજરે જોવા મળ્યો છે. આ ટીકાગ્રંથ અતિશુદ્ધ છે.

૬. **દશવૈકાલિક ચૂર્ણિગ્રંથઃ**—નવીન જ મળી આવ્યો છે, જે અન્યત્ર જોવામાં આવ્યો નથી. એના રચયિતા **સ્થવિરઅગસ્ત્યસિંહ** છે. અનુમાન રચના સંવત વિક્રમનો પાંચમો કે છઠ્ઠો સૈકો સંભવે છે. પૂજ્યપાદશ્રી સાગરાનંદ સૂરિજીએ છપાવેલી ચૂર્ણી કરતાં આ ચૂર્ણી જૂની અને અતિપ્રાચીન છે. 'તત્ત્વસંગ્રહ પંજિકા' નામા બૌદ્ધદાર્શનિક ગ્રંથનું સંશોધન ચાલુ છે.

૭. રામચંદ્ર—ગુણચંદ્રકૃત **દ્રવ્યાલંકાર** ગ્રંથનો બીજો તથા ત્રીજો પ્રકાશ મળ્યો છે. પ્રથમ પ્રકાશ માટે અહીંના બીજા ભંડારમાં શોધ કરવાની છે.

૮. આજ સુધીમાં અનેક ગ્રંથોનું કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમે કરી લીધું છે. એમાં તાડપત્રીય પ્રતો અને એ ઉપરાંત કાગળ પર લખાયેલી પ્રતો પણ છે. એ સંબંધી વિસ્તૃત, ચાલુ કાળના વિદ્વાનો પસંદ કરે છે તેવું, અને ગ્રંથ સંબંધી દરેક જાતની માહિતી આપતું, સૂચીપત્ર યાને કેટલોગ તૈયાર કરવામાં આવેલ છે. ભંડારને સંપૂર્ણપણે વ્યવસ્થિત કરેલ છે અને દાબડા પ્રાપ્ત થતાં જ એમાં નંબરવાર પ્રતો મૂકાઇ જશે.

૯. સંશોધન, નિરીક્ષણ અને નકલો આદિ સંબંધમાં ટૂંક નોંધ નીચે પ્રમાણે મૂકી શકાય.

**આગમ વિભાગઃ**—૧. સૂત્રકૃતાંગસૂત્ર ટીકા. ૨. અનુયોગદ્વાર **સૂત્ર** અને એ ઉપર **હારિભદ્રી** વૃત્તિ, મલધારી હેમચંદ્રકૃત વૃત્તિ તથા જિનદાસ મહત્તરકૃત ચર્ણી. **૩.** નંદીસૂત્ર તથા એ ઉપર **શ્રી** મલયગિરિ ટીકા. ૪. ઓઘનિર્યુક્તિ બૃહદ્ ભાષ્યની નકલ કરી. ૫ દશવૈકાલિક **સૂત્ર** મૂળ એ ઉપર હારિભદ્રી વૃત્તિ, દશવૈકાલિક **સૂત્ર** ચૂર્ણી. સ્થવિર અગસ્ત્યસિંહકૃત ૬. પન્નવણા સૂત્રની નકલ. ૭. વિશેષાવશ્યક મહાભાષ્યની નકલ ૮. સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર ટીકા. **૯.** જ્યોતિષ્કરંડ **સૂત્ર** એ ઉપર મલયગિરિ તેમજ પાદલિપ્તાચાર્યની ટીકાઓ. ૧૦ બૃહત્કલ્પસૂત્ર લઘુભાષ્ય તથા એનો સટીક પ્રથમ ખંડ. **૧૧.** આવશ્યક મહાભાષ્ય. કોટ્યાચાર્યકૃત ટીકા. **૧૨.** કલ્પચૂર્ણી તથા ટિપ્પનક. ૧૩. દશાશ્રુતસ્કંધની ચૂર્ણી.

**પ્રકરણ ગ્રંથ વિભાગઃ**—૧. ભાવના સટીક. ૨. પંચાશક સટીક. ૩. ક્ષેત્રસમાસ બૃહત્ સટીક. ૪. બૃહત્સંગ્રહણી સટીક. ૫. બંધસ્વામિત્વ સટીક. ૬. ષડ્શીતિ સટીક. ૭. વિંશતિવિચાર પ્રકરણ. ૮. ધર્મબિન્દુ પ્રકરણ સટીક.

**ચરિત્ર ગ્રંથ વિભાગઃ**—પૃથ્વીચંદ્ર ચરિત્રની કોપી અને સંશોધન. શાન્ત્યાચાર્યકૃત. ૨. મુનિસુવ્રતસ્વામિ ચરિત્ર. ૩. ધન્ય શાલિભદ્રાદિ ચરિત્ર. ૪. સમરાઇચ્ચા કહા. ૫. કવિકલ્પલતાવિવેક. ૬. કાવ્યપ્રકાશ-મમ્મટકૃત ૭. વાસવદત્તા કથા. સુબંધુ કવિકૃત. ૮. સિદ્ધહેમ લઘુવૃત્તિનો એક ખંડ.

**દાર્શનિક ગ્રંથ વિભાગઃ**—૧. ધર્મોત્તર ટિપ્પનક. મલ્લવાદી આચાર્ય કૃત. ૨. તત્ત્વસંગ્રહ-પંજિકા સહ. ૩. સર્વસિદ્ધાન્તપ્રવેશ. ૪. પ્રમાણાંતર્ભાવ. ૫. સાંખ્યસપ્તતિકા વૃત્તિ—માધવકૃતા. (માધવ?) તથા અજ્ઞાતનામા. ૬. ન્યાયબિંદુ ધર્મોત્તર ટીકા સહ. ૭. પ્રમાણલક્ષણ સટીક. ૮. ન્યાયાવતાર સટીક.

૧૦ આ સિવાય બીજા ઘણાય ગ્રંથોનું કામ ચાલે છે. હજારો શ્લોકો નિશ્ચિતરૂપે તપાસવા અને તેની વ્યવસ્થિત કોપીઓ કરી મેળવવી, એ પાછળ પૂરી જાગૃતિ રાખવી પડે છે, જેનો સંપૂર્ણ ખ્યાલ નજરે જોયા વિના આવી શકે નહીં. એ પાછળના પરિશ્રમનું માપ કહાડવા સારૂ સાહિત્ય વિષયનો અને સંશોધનનો અભ્યાસી જોઇએ. પત્રદ્વારા કે લેખોદ્વારા તો માત્ર આછી રૂપરેખા દોરાય. એ અંગેનું યથાસ્થિત જ્ઞાન મેળવવાના જિજ્ઞાસુએ તો એક વાર આ અટુલા પડેલા સ્થાનમાં પગલા કરવા જરૂરી છે. નજરે જોયા પછી જ એ સંબંધમાં સાચો ખ્યાલ આવે.*

* શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પત્રિકા અંક ૫+૬ તા. ૧૫-૧૦-૫૦ માંથી ઉધૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ-કૌશલ્ય.

( ૭૬ )

## ઉત્સાહ-zeal

**ધર્મને નુકસાન જેટલું કર્યું છે અને સત્યને વિકૃતરૂપે કોઈએ બતાવ્યું નથી. જેટલું લબલબ કરતી જીભે અને વખત વગરના ઉત્સાહે કર્યું હોય છે.**

ધર્મની બાબતમાં ઉત્સાહની જરૂર છે એની ના નથી, પણ તે વખતસરનો હોવો ઘટે ધર્મ એ તો મહાન ચીજ છે એ માટે ઉત્સાહ જરૂરી છે. પણ તે માટે વખત શોધવો જોઈએ. કવખતે ઉત્સાહ બતાવવામાં આવે તો વાત વટકી પડે છે અને મારી જાય છે. તમે ધર્મની બાબતમાં ખાસ ધ્યાન રાખીને જોશો તો તમને માલૂમ પડશે કે એમાં કવખતનો ઉત્સાહ નકામો નીવડે છે. વખત જ્યારે થયો હોય ત્યારની વાત જૂદી છે. તે વખતે જે ગાણું ગાવામાં આવે અથવા ધર્મની વાતો કરવામાં આવે તો યોગ્ય થઈ પડે છે અને સામા ઉપર તેની અસર નીપજાવી શકાય છે. વખતે વાત શોભે અથવા મારી ન જાય અને ધર્મ શાંતિનું વાતાવરણ ફેલાવનાર તત્ત્વ હોવાથી તે સહેજ સાજમાં મળી જાય તેવી ચીજ નથી. આ એ બાબત બરાબર યાદ રાખવા જેવી છે, તેમાં જે ગફલતી કરે છે તે ખત્તા જરુર ખાય છે. આપણો તો અનુભવ છે કે ધર્મનું આખ્યાન ચાલતું હોય, શ્મશાનમાં અને રોગીને જે બુદ્ધિ થાય તે જો કાયમ રહે તો સર્વ પ્રાણી બંધનથી જરૂર મૂકાઈ જાય. અથવા કોણ બંધનથી મૂકાય તેવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તે બતાવે છે કે સર્વ બંધનથી તો જરૂર મૂકાય પણ એમાં વાંધો એક છે કે ધર્માખ્યાનની તક-પ્રસંગ જરૂર શોધવી ઘટે, એ જેમ તેમ ચાલે નહિ અને બધી વાત ચાલી જશે એમ ધારી લેવા જેવું પણ નથી.

અને ધર્માખ્યાન આક્ષેપક શૈલીએ ન કરવું ઘટે, એ તો શાંતિની સરિતા છે; એટલે વખતની પસંદગી કરવામાં આવે અને આક્ષેપક શૈલી મૂકી દેવામાં આવે તો ધર્માખ્યાનની જરૂર સારી અસર થાય.

આની સાથે સત્યને લેવામાં આવ્યું છે અને બતાવ્યું છે કે ધર્માખ્યાનનો વખત પસંદ કરવો ઘટે, અને તે લબ લબ ન હોવું ઘટે તેમ સત્યનો પણ વખત હોવો ઘટે અને તે ધામધામિયું અથવા અવાજ કરનારું ન હોવું ઘટે. આ બાબતમાં બેદરકાર રહેવાથી વાત મારી જાય છે અને સત્યને નુકસાન પહોંચે છે. એટલે સાચી વાત કહેવી હોય તો તેનો અવસર બરાબર પસંદ કરવો ઘટે અને ભાષા મધુરી હોવી ઘટે. આ બન્ને બાબતમાં જેઓ બેદરકાર રહે છે તેઓ સત્યને પણ ધર્માખ્યાનની જેમ ફાંસીએ ચઢાવે છે. અને વાત એટલે સુધી વધી જાય છે કે વાત મારી જાય છે અને સત્ય પણ અસત્યનું બીજ થઈ જાય છે. અથવા ટુંકમાં કહેતાં વાત પોતે મારી જાય છે. એટલા માટે સાચી વાતને કહેવાનો પ્રસંગ શોધવા જેવો છે અને તેને પણ મધુર ભાષાએ જ્યારે અલંકૃત કરવામાં આવેલ હોય તો સત્ય પણ જામે છે અને ધારી અસર ઉપજાવે છે. કવખતે તે પણ શોભતું નથી. ધર્મી માણસ આ રીતે ધર્માખ્યાનનો વખત પસંદ કરે અને તે પણ મધુરી ભાષામાં હોવો જોઈએ, એ પૂરતી ચીવટનું પરિણામ છે. ધર્માખ્યાન અને સત્યને આ રીતે વખતસરની અને મધુરી ભાષામાં જોડવાની વાત ખૂબ વિચારણા માગે છે.

**મૌક્તિક**

---

**Nothing has wrought more prejudice to religion or brought more disparagement upon Truth than boisterous and unreasonable zeal.** **—Bazrow**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈચ્છાયોગ શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ

[ ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ. ]

**તીવ્ર શાસ્ત્રબોધવાળો—**

આ શાસ્ત્રયોગીને સિદ્ધાંતનો તીવ્ર બોધ–તીક્ષ્ણ બોધ હોય છે. કુશાગ્ર બુદ્ધિના પ્રતાપે શાસ્ત્રનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ રહસ્યભૂત ગૂઢ જ્ઞાન તેને હોય છે, ઊંડામાં ઊંડા આશયવાળી તેની સમજણ હોય છે. શાસ્ત્ર એટલે શાસ્તા પુરુષનું–આપ્ત પ્રમાણભૂત પુરુષનું વચન. જીવને કાર્યાકાર્ય વગેરે સંબંધી જે શાસન–આજ્ઞા કરે, અને તે નિર્દોષ શાસનવડે કરીને જે જીવનું ત્રાણ એટલે સંસારભયથી રક્ષણ કરે, તે '**શાસ્ત્ર**' છે, એમ તેનો વ્યુત્પત્તિ અર્થ છે. અને આવું શાસ્ત્ર તો નિર્દોષ એવા વીતરાગ સર્વજ્ઞનું જ હોઈ શકે–બીજા કોઈનું નહિં.

"**शासनात्त्राणशक्तेश्च बुद्धैः शास्त्रं निरुच्यते ।**
**वचनं वीतरागस्य तच्च नान्यस्य कस्यचित् ॥**"

—શ્રી **યશોવિજયજી** પ્રણીત **અધ્યાત્મોપનિષદ્**

**શાસ્ત્રસમુદ્ર—**

આ **શાસ્ત્રસમુદ્રનો** પાર પામવો ઘણો દુષ્કર છે. મોટા મોટા મતિમંતો પણ તેમાં થાકી જાય, અથવા ગોથું ખાઈ જઈ દિઙ્મોહને પ્રાપ્ત થાય, એવી તે '**જિનપ્રવચનની દુર્ગમ્યતા**' છે. શ્રી સદ્ગુરુના કૃપા પ્રસાદથી, અવલંબનથી, ગુરુગમથી જ તે દુર્ગમ આગમ પણ સુગમ થઈ પડે છે.

"જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ."

—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

"**महामतिभिर्निःशेषसिद्धांतपथपारगैः ।**
**क्रियते यत्र दिग्मोहस्तत्र कोऽन्यः प्रसर्पति ॥**"

—**શ્રી શુભચંદ્રાચાર્યજી**કૃત **શ્રી જ્ઞાનાર્ણવ.**

એવા દુર્ગમ આગમ–સાગરને પણ શ્રી સદ્ગુરુ કૃપાપ્રસાદથી આ શાસ્ત્રયોગી ઉલ્લંઘી ગયેલો હોય છે, તેનું રહસ્યભૂત જ્ઞાન પામી ગયેલો હોય છે. અને સર્વ શ્રુતનું રહસ્ય પણ કેવલ એક શુદ્ધ આત્માને જાણવો–ઓળખવો–પામવો એ જ છે. 'દ્વાદશાંગી× શ્રી જિનેશ્વરે કહી છે તેમાં પણ એક આત્મા જ આદેય–ગ્રહણ કરવા યોગ્ય છે, અને બાકી બીજું બધુંય હેય–ત્યાગવા યોગ્ય છે.' એ જ પરમ સારભૂત મુખ્ય વાત કહી છે. આવું **ભાવ શ્રુતજ્ઞાન** એટલે કે **શુદ્ધ આત્મજ્ઞાન** આ શાસ્ત્રયોગીના હૃદયમાં નિરંતર રમી રહ્યું હોય છે, અત્યંત પરિણમી ગયું હોય છે. આમ દ્રવ્ય–ભાવ શ્રુતના તીવ્ર બોધવાળો આ શાસ્ત્રયોગી પુરુષ, આત્મજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ એવો શાસ્ત્રજ્ઞાતા હોય છે.

"**जो हि सुएणहि गच्छइ,**
**अप्पाणमिणं तु केवलं सुद्धं !**
**तं सुयकेवलिमिसिणो भणंति लोयप्पईवयरा ॥**
**जो सुयणाणं सव्वं जाणइ सुयकेवलिं तमाहु जिणा ।**
**णाणं अप्पा सव्वं जम्हा सुयकेवली तम्हा ॥**"

શ્રી કુંદકુંદાચાર્યજી પ્રણીત **શ્રી સમયસાર.**

"**जो एगं जाणइ, सो सव्वं जाणइ,**
**जो सव्वं जाणइ, सो एगं जाणइ ॥**"

**શ્રી આચારાંગસૂત્ર**

અર્થાત્–જે શ્રુતવડે કરીને કેવલ શુદ્ધ એવા આ આત્માને જાણે છે, તેને લોકપ્રદીપકર ઋષિઓ 'શ્રુતકેવલી' કહે છે. અને જે સર્વ શ્રુતજ્ઞાન જાણે

---

× "उक्तं जिनैर्द्वादशभेदमङ्गम्,
श्रुतं ततोऽप्यन्यदनेकभेदम् ।
तस्मिन्नुपादेयतया चिदात्मा,
शेषं तु हेयत्वधियाभ्यधायि ॥"

—**શ્રી પદ્મનંદિ પંચવિંશતિકા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર સમાલોચના.

## "યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી"

( જયંતિઅંક )

લેખકો:—જયભિખ્ખૂ અને પાદરાકર-

પ્રકાશક:—**શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ.**

આ યોગી મહાત્માને જેમણે નજરે જોયા હશે, જેમણે દર્શનનો લાભ લીધો હશે, જેમણે એ મહાપુરુષની મુખાકૃતિ જોઈ હશે તેમને શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ ( **आकृतिः गुणान् कथयति** પ્રમાણે ), મુખ ઉપર ત્યાગ, સંયમ અને બ્રહ્મચર્યનું તેજ જોયું હશે એને એક યોગી પુરુષ છે તેમ પણ જણાયું હશે. આવા યોગી અને વિદ્વાન સંયમી આત્મા પોતાની પાછળ સુશિષ્યો, જ્ઞાન, સાહિત્ય વગેરેનો ઉપકારક વારસો હમેશા જેમ મૂકી જાય છે તેમ આ આચાર્ય દેવે ગદ્ય, પદ્ય અનેકવિધ સાહિત્યનો વારસો પ્રાણીમાત્રના ઉપકાર માટે મૂકી ગયા છે. મુનિપણાની નિરંતર આવશ્યક ક્રિયાઓ, પ્રવૃતિઓ, યોગસાધના, વ્યાખ્યાન વગેરે ઉપકારક કાર્યો ચાલુ હોવા છતાં જાણવા પ્રમાણે અનેક પ્રકારના સાહિત્ય ગ્રંથો રચવાની ફુરસદ ક્યારે મળી હશે ? તેનો વિચાર કરીએ છીએ ત્યારે આવા મહાપુરુષ માટે હૃદયમાં અત્યંત પૂજ્યભાવ પ્રકટ થયા સિવાય રહેતો નથી. દરેક ગ્રંથમાં જે જે વિષયો આવેલા છે તે ભાવવાહી, પદ્ધતિસર, સંકલનાપૂર્વક અને કોઈ સારા લેખક કે સારા સાહિત્યકાર રચના કરે તેવી તેની સરળ શૈલી, સાદી ભાષામાં પ્રતિપાદન શૈલીરૂપે, વળી સર્વગ્રાહી, તેમજ પદ્ય-કાવ્યોમાં માત્રામેળ, છંદમેળ, લઘુ ગુરૂ, ગણમેળ અને પદલાલિત્યથી ભરપૂર રચ્યા છે. તેમાં ભજનપદ સંગ્રહ દશ ભાગમાં આવેલા ભજનોની કિંમત અમારા માનવા પ્રમાણે જૈન સમાજમાં થોડી ઘણી વ્યક્તિઓ કદાચ સમજી હશે, પરંતુ તેની ખરી કિંમત અન્ય દર્શની અન્ય કોમ કરી શકે છે, તે અમે અનુભવ્યું છે. દ્રષ્ટાંત તરીકે ગુજરાત પ્રાંતમાં ( કડી, વિજાપુર, સાણંદ વગેરે વિભાગ માં રહેનારા મેર લોકો જેઓનો ધંધો ગરબી, દુહા વગેરે લોકગીતો લોકોને સંભળાવી ઉદરપોષણ કરવાનો છે, તે લોકો તો આ મહાત્માના બનાવેલાં આ ભજનો ઉપર મુગ્ધ બન્યાં છે, અને જ્યારે તેઓ હાથતંબુરો ( રાવણહથ્થો ) નામના વાજીંત્ર સાથે આ ભજનો પોતાના સુરથી ગાય છે ત્યારે સાંભળનારાઓ પણ મુગ્ધ બને છે અને સાંભળનારાઓને આ રચના માટે માન ઉત્પન્ન થાય છે. આવો અનુભવ આ મહાત્મા પુરુષના દર્શનનો લાભ જ્યારે પ્રાંતીજમાં અમોને મળ્યો હતો ત્યારે થયો હતો. આ તો માત્ર ભજન સંગ્રહની વાત થઇ, પરંતુ તત્વજ્ઞાન, ઇતિહાસ, વિવેચન, અનુવાદ, પત્રો, નોંધો, ધર્મ, નીતિ, સમાજસુધારણા અને સંસ્કૃતભાષામાં થઇ સુમારે ૧૦૮

---

છે તેને જિન ભગવાન 'શ્રુતકેવલી' કહે છે, કારણ સર્વ જ્ઞાન તે આત્મા છે, તેથી તે શ્રુતકેવલી છે.

જે એકને ( આત્માને ) જાણે છે તે સર્વને જાણે છે.

જે સર્વને જાણે છે, તે એકને ( આત્માને ) જાણે છે.

અને આમ શ્રુતજ્ઞાનનો તીવ્ર બોધ હોવાથી જ આ શાસ્ત્રયોગી જ્ઞાની પુરુષ, જ્ઞાનાચાર વગેરેના પાલનમાં સૂક્ષ્મ આત્મોપયોગપૂર્વક-સતત આત્મજાગૃતિપૂર્વક અવિકલપણે પ્રવર્ત્તી શકે છે, અને તેથી જ અત્રે આ શાસ્ત્રયોગને અવિકલ-અખંડ કહ્યો છે.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રંથરત્નોનું આ ગ્રંથમાં સંક્ષિપ્ત વિવેચન જે આપવામાં આવ્યું છે તે સર્વે વાંચે તો વાચકોને આચાર્યદેવે આ અમૂલ્ય વારસો આપણા માટે મૂકી ગયા છે તેમ જણાશે. દરેક ગ્રંથ આજે લોકભોગ્ય ગુજરાતી ભાષામાં આચાર્ય મહારાજે સમજી શકાય તે રીતે રચ્યાં છે, તે જ્યાંસુધી ગુજરાત કાઠીયાવાડમાં આ ભાષાનું ચલન હશે ત્યાંસુધી તેની કીંમત ઓછી થશે નહિં એમ અમોને જણાય છે.

આ શતાબ્દિ ગ્રંથમાં આચાર્યશ્રીના જીવનવિભાગમાં ૪૬ વિષયો અને સાહિત્યસર્જન સંબંધીમાં બે લેખો તેમજ ગૃહસ્થાવસ્થાથી મુનિપણા સાથે જીવનની છેલ્લી ઘડીના અનેક પ્રસંગોનું વર્ણન સુંદર શૈલીમાં પ્રકાશકોએ આલેખ્યું છે–વળી તે મુનિવરના જીવન અને ચારિત્ર માટે ઉત્તમ સાક્ષરો દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, શ્રી રમણલાલ વ. દેશાઇ, પ્રોફેસર કેશવલાલ હિં. કામદાર વગેરે વિદ્વાનોના જે અભિપ્રાયો સાથે આપેલા છે તે તેની સાક્ષી પૂરે છે. જુદી જુદી અવસ્થાના સુંદર રંગીન ફોટાઓ, સુંદર કવર, જેકેટ, સારા કાગળો, સુંદર ગુજરાતી ટાઇપમાં એક આર્ટની દૃષ્ટિએ દળદાર ગ્રંથ બનાવી એક સુંદર સાહિત્ય પ્રકાશન શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે પૂરૂં પાડ્યું છે. તે માટે અમારો આનંદ વ્યક્ત કરીએ છીએ. સર્વને વાંચવા ભલામણ કરીયે છીયે. કિંમત રૂા. ૧૧) પ્રકાશકને ત્યાંથી મળશે.

---

## જૈન તીર્થોનો ઇતિહાસ.

**લેખકઃ–સંપાદક મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી. (ત્રિપુટી.)**

ઘણા વર્ષોના પરિશ્રમ, ઇતિહાસ, શિલાલેખો, અનેક ગ્રંથોના પરિશીલન અને સુમારે ૫૧ ગ્રંથોના સતત અભ્યાસવડે તેમજ અનેક સ્થળોના વિહારમાં મહા પ્રયત્નવડે સંશોધન કરી આ જૈન તીર્થોનો સચિત્ર ઇતિહાસ લેખક મુનિ મહારાજે તૈયાર કરેલો છે, જે જૈન ઐતિહાસિક સાહિત્યમાં એક સુંદર વૃદ્ધિ કરે છે. ઇતિહાસ સાથે તેમાં પરિશિષ્ટો, નકશાઓ અને તીર્થોના ફોટાઓ આપી અનુપમ કૃતિ કરી છે, કે જેના મનનપૂર્વકના વાચનથી જૈન સમાજ યાત્રાનો અપૂર્વ લાભ ઉઠાવી કલ્યાણ સાધે એ હેતુ બરાબર સચવાયો છે, જે જૈન સમાજ ઉપર અવર્ણનીય ઉપકાર ગણી શકાય.

આ ગ્રંથની પ્રસ્તાવના, તીર્થયાત્રાના ફળનું સ્વરૂપ, તેની વિધિ* વર્તમાન ઇતિહાસ યુગનાં પ્રસિદ્ધ સંઘપતિઓના નામો અને આવા તીર્થયાત્રાના સંઘો નીકળવાથી થતા લાભો, યાત્રા કરવા જનારને પ્રવાસોપયોગી સંપૂર્ણ માહિતિ આપી ઉત્તમ સગવડ કરી આપી છે.

આ ગ્રંથમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, રાજપુતાના, દક્ષિણ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રાંત, પંજાબ, પૂર્વદેશ, બંગાળ, બિહાર, ઓરીસા વગેરેમાં આવેલા તીર્થોનો બરાબર અભ્યાસ કરી વર્ણન આપવામાં આવ્યું છે. સિવાય અનેક હકીકતો પ્રસ્તાવનમાં વાંચવા જેવી આપી છે. આ ગ્રંથ સર્વ જૈન બંધુઓએ પોતાના ગૃહમાં, અને સમાજે જ્ઞાનભંડારો તથા લાયબ્રેરીઓમાં રાખવા જેવો છે. કિંમત બાર રૂપીઆ. મળવાનું સ્થળઃ–શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા, નાગજી ભુદરની પોળ–અમદાવાદ.

*નોંટઃ–વર્તમાનમાં તીર્થયાત્રાનાં સંઘો લઇ જનારામાં જે નામો ઉપર આપ્યા છે તે સિવાય જામનગરનિવાસી શેઠ પોપટલાલ ધારશી અને રાધનપુરનિવાસી રાવ બહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી પણ છે. ( સેક્રેટરીઓ )

---

નીચેનાં પુસ્તકો અમોને ભેટ મળ્યા છે તેનો આભાર સાથે સ્વીકાર કરીએ છીએ.

(૧) **ઉપદેશ રત્નાકરઃ**–સહસ્રાવધાની વિદ્વાન આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિવરકૃત–પ્રકાશક શ્રી જૈન પુસ્તક સંસ્થા ગ્રંથમાં ઘણી હકીકતો જાણવા જેવી છે. સાક્ષર હીરાલાલ રસિકદાસ કાપડિયાની ભૂમિકા તથા પ્રકાશકનું વકતવ્ય ખાસ વાંચવા જેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કિંમત રૂ. ૫–૦–૦ વેજલપુરનિવાસી સ્વ. ગાંધી પાનાચંદ ખીમચંદનાં સ્મરણાર્થે તેમના પુત્ર શેઠશ્રી રતિભાઇ તરફથી સભાને ભેટ મળેલ છે.

(૨) **શ્રી संक्षिप्त प्राकृत रूपमालाः**–સમ્પાદક મુનિ ચંદ્રોદયવિજયજી પ્રાથમિક અભ્યાસ માટે ઉપયોગી છે. પ્રકાશક. ઝવેરચંદ શામજી શાહ. કિંમત રૂા. ૧–૦–૦ પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

(૩) **સ્યાદ્વાદમતસમીક્ષા**:–લેખક શંકરલાલ ડાહ્યાભાઇ કાપડિયા પ્રકાશક પ્રભાસ પાટણનિવાસી શેઠ જમનાદાસ હરખચંદ કિં ૦–૮–૦ લેખક તરફથી સભાને ભેટ મળેલ છે.

(૪) **ગુણમંજૂષા**:–શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા, ગારીઆધાર શ્રીમાન્ વિજય લબ્ધિસૂરીશ્વરજીરચિત ચૈત્યવંદન, સ્તવનો, છંદ, સ્તુતિ, સજ્ઝાય, ગહુંલી, સંગ્રહ વગેરે છે પોકેટ બુક હોવા છતાં એકંદરે ઘણો સમાવેશ કરેલો છે, કિં. ૦–૮–૦

"ગુલાબ" ના બીજા વર્ષના ગ્રાહકોની ભેટ પુસ્તિકા. પ્રકાશક તરફથી સભાને ભેટ મળી છે.

## વર્તમાન સમાચાર.

**કેળવણીપ્રિય દાનવીર શેઠ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાની ઉમદા સખાવતવડે શેઠ ભોગીલાલ કોમર્સ હાઈસ્કુલનું નવું મકાન કરવાનું થયેલ ખાતમુહૂર્ત અને તે માટે ( એક લાખ રૂપીઆ ઉપરાંતની કરેલી સખાવત ).**

આસો શુદી ૮ બુધવારના રોજ સૌરાષ્ટ્ર સરકારના વડા પ્રધાન શ્રીયુત્ ઢેબરભાઇના મુબારક હસ્તે ઉપરોક્ત મકાનના ખાતમુહૂર્તની ક્રિયા થઈ હતી. શુમારે એક હજાર બંધુ બ્હેનોની હાજરી વચ્ચે ઉભા કરેલા સુંદર મંડપમાં તે માટે મેળાવડો થયો હતો. બહારગામના સંદેશા વંચાયા બાદ ભાવનગર મ્યુનીસીપાલીટીના પ્રેસીડેન્ટ સાહેબ હરજીવનદાસભાઇ, શ્રી ભાવનગર મહારાજા સાહેબના પરસનલ આસિ. ગજાનનભાઇ, મહુવાના નગરશેઠ હરિલાલ મોનદાસ, ઉદ્યોગ પ્રધાન મનુભાઇ, પ્રમુખ શેઠ શાંતિલાલ મંગળદાસ જહાંગીર મીલ માલેક, વગેરે ગૃહસ્થોએ સમયોચિત વ્યક્તવ્ય રજુ કરતાં શેઠ ભોગીલાલભાઇને અભિનંદન આપ્યા હતા. સૌરાષ્ટ્ર સરકારના વડા પ્રધાન સાહેબે છેવટે આ હાઇસ્કુલની ઉપયોગીતા ( જે મધ્યમવર્ગને રાહત સમાન છે. ) માટે તેમજ શેઠશ્રી ભોગીલાલભાઈની આ કાર્ય માટે સાર્વજનિક ઉદારતા માટે ખાસ અભિનંદન આપ્યા હતા. શ્રીયુત ભોગીલાલભાઈએ પોતાની લઘુતા, લક્ષ્મીની સાર્થકતા, મનુષ્યનું કર્તવ્ય અને છેવટે સર્વનો આભાર માન્યો હતો. ત્યારબાદ મહાઉદ્યોગપતિ અને વ્યાપાર વગેરે સંબંધી બ્હોળો અનુભવ ધરાવનાર શેઠ **શાંતિલાલભાઇ** મંગળદાસનું સમયોચિત આવશ્યકતાવાળું ઉત્પાદન કેમ વધે તેમજ કન્ટ્રોલ દૂર કરવા વગેરે સંબંધી માર્ગદર્શક મનનીય વક્તવ્ય હતું. શેઠ ભોગીલાલભાઇ અને પોતાનો ખાસ બંધુ જેવો સંબંધ તેમજ હું અને ભોગીલાલભાઈ અરસપરસના એકબીજાના દરેક આવા કાર્યો કરવા બંધાયેલા છીએ વગેરે પોતાનો સંબંધ અને કર્તવ્ય બહુ સુંદર રીતે જણાવ્યું હતું.

છેવટે અમો શ્રીયુત્ ભોગીલાલભાઇને આ શિક્ષણ સંસ્થાનો જન્મ આપવા માટે અંતઃકરણપૂર્વક ( આ સભા ) અમો અભિનંદન આપીએ છીએ.

### લોકેષણા.

મનુષ્યને લોકેષણા–કીર્તિની ઇચ્છા ઇશ્વરથી દૂર લઇ જાય છે. મહાત્મા થાય પણ લોકેષણા જતી નથી. મારે માટે લોકો શું કહે છે, વખાણ કરે છે કે નહિ એ જાણવાની જિજ્ઞાસા મનુષ્યને ઊંચે લઇ જવાને બદલે નીચે ઉતારે છે. ભક્તિ કરવી, ધ્યાન–ઉપાસના વગેરે કરવું એ લોકોને ખુશ કરવા ખાતર નહિ, પણ પ્રભુને રાજી કરવા માટે કરવું. પ્રભુ સાથે એકતાન થવા માટે છે. પંડિતો પ્રમાણપત્રો આપે, કે મોટા ઇલકાબો આપે અથવા શબ્દપુષ્પોવડે આવકારે, તેથી આપણામાં દૈવી ગુણો આવી જતા નથી.

**સ્વામી આત્માનંદ સરસ્વતી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### " શ્રી દ્વાદશાર નય ચક્રસાર ગ્રંથ "

આ ન્યાયને અપૂર્વ ગ્રંથનો પ્રથમ ભાગ ઉંચા ટકાઉ કાગળો ઉપર છપાવવાનો નિર્ણય થઇ ગયો છે. થોડા દિવસોમાં છાપવાનું કામ શરૂ થશે. ન્યાયના અભ્યાસીઓ અને જૈન જ્ઞાનભંડારો માટે અવશ્ય લેવા જેવો છે.

---

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં મૂળ સંસ્કૃત ભાષામાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સચિત્ર શ્રી જૈન પાઠશાળા, કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ કરતા બાળક બાળિકાઓ સહેલાઇથી મુખપાઠ ( મ્હોડેથી ) કરી શકે તેવા, સાદા સરલ અને ટુંકા છે. શુમારે ક્રાઊન દશ ફોર્મ માત્રમાં સમાવેશ થઇ શકે તેવા ( જિનેન્દ્ર ભગવંતોના ચાર રંગમાં શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ પરમાત્માની નિર્વાણ ભૂમિના ( તીર્થ, પર્વતો કે અન્ય સ્થળોના ફોટાઓ સાથે ) આ સભા બહુજ સુંદર અને આકર્ષક સચિત્ર અનુવાદ–ગુજરાતી ભાષાંતર છપાવવા માગે છે. એક હજાર કોપીના શુમારે ત્રણ હજાર રૂપીયા ખર્ચ ( સખ્ત મોંઘવારી હોવાથી થાય તેમ છે. ) આર્થિક સહાય આપનાર જૈન બંધુનો ફોટો, જીવન વૃત્તાંત સાથે આપવામાં આવશે. અમારા લાઇફ મેમ્બરોને ભેટઆપવા ઉપરાંત આર્થિક સહાય–આપનારની ઇચ્છા પ્રમાણે બાકીની તે ચરિત્ર બુકોનો વ્યય કરવામાં આવશે. એક કરતાં વધારે શ્રીમંત જૈન બંધુઓને તે લાભ લેવો હોય તો તેમ પણ સભા ધારા ધોરણ પ્રમાણે સગવડ કરી આપશે.

---

## જલદી નામ નોંધાવો–મંગાવો.

### શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજ કૃત–

### શ્રી ત્રિષષ્ટિશ્લાક પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ–પર્વ ૨, ૩, ૪. )

( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

પ્રથમ ભાગ અમારા તરફથી ચૌદ વર્ષ ઉપર પ્રસિદ્ધ થયેલો હતો, અને તેનો આ બીજો વિભાગ ત્રણ પર્વોમાં સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, જેની પાટલીઓ તથા બાઇડીંગ થાય છે. જે બે માસ પછી તૈયાર થશે. હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું ઘણી જ થોડી નકલ છપાવી છે જેથી અગાઉ નામ નોંધાવવા માટે નમ્ર સુચના છે.

---

### છપાઇ ગયેલ ગયા વર્ષની ભેટ બુકો માટે મુદત વધારી.

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી દમયંતી ચરિત્ર વગેરેને ચાર ગ્રંથો કારતક વદ ૦)) સુધીમાં ગયા વર્ષની ભેટના બુકો થનારા નવા લાઇફ મેમ્બર બંધુઓને ભેટ આપવાનો નિર્ણય થયો છે. જેથી લાભ લેવા જવું છે

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## નમ્ર સુચના.

સં. ૨૦૦૨-૨૦૦૩-૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૬ એ પાંચે સાલમાં રૂા. ૭૩)ની કિંમતના ગ્રંથો ભેટ આપેલા છે અને આ સં. ૨૦૦૭ ની સાલમાં આપવાના જે બે ગ્રંથો શ્રી શ્રેયાંસનાથ સચિત્ર ચરિત્ર અને જૈન કથારત્નકોષ પ્રથમ ભાગ છપાય છે, જેની કિંમત શુમારે રૂા. ૧૩) થશે તે બન્ને ગ્રંથો સં. ૨૦૦૭ની સાલનાં ફાગણુ વદી ૩૦ સુધીમાં નવા થનારા ૧ લા વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ અને બીજા વર્ગમાં થનારને ધારા પ્રમાણે ભેટ આપવામાં આવશે. જૈન કથારત્નકોષ માટેની આર્થિક સહાય મળેલી હોવાથી માત્ર શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ( સચિત્ર ) માટે કોઇ પુણ્ય પ્રભાવક શ્રદ્ધાળુ જૈન બંધુ કે બ્હેન આર્થિક સહાય આપી જ્ઞાનભક્તિનો આ લાભ લેવા જેવો છે. અમારા પ્રકટ થયેલ આગલા તીર્થંકર ભગવંતના સચિત્ર ચરિત્રો જેવો જ આ ગ્રંથ પ્રકટ કરવામાં આવશે. બંને ગ્રંથો અડધા ઉપરાંત છપાઇ ગયેલ છે.

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

### શ્રી માણિકયચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પુણ્યયોગ અને શીલનું માહાત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણુ હતું, તેનો શુદ્ધ અને સરલ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણુ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણુનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની. ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ રાખી અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણુ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણુથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્દભુત પઠન પાઠન કરવા જેવું વર્ણુન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણુ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પેસ્ટે જ જુદું.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

ઘણી થોડી નકલો સિલિકમાં છે.

### પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણુ સાધનારૂં હોવાથી, જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, તે જ ગ્રંથ આ સાલ( હાલમાં ) નવા લાઇફ મેમ્બર થવાની ઇચ્છાવાળા જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી નવા થનાર લાઇફ મેમ્બરોની જેથી સભા એવા ઠરાવ પર આવી છે, કે હવે પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓને ખાસ આ ચરિત્ર વાંચવા માટે લેવાની જરૂર જ હોય તો સિલિકમાં હશે ત્યાં સુધીમાં રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના ચાર ગ્રંથો સાથે તે પણુ મોકલી આપવામાં આવશે. બીજા વર્ગના નવા થનારા લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે મળી શકશે.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only